


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 206
Dt.: 08-04-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa


અમે કેમ ટોલ ટેક્સ ના લઈએ?

# હોર્મુઝ સ્ટ્રેટ અંગે ટ્રમ્પની નવી જાહેરાતથી દુનિયા સ્તબ્ધ

**હોર્મુઝ સ્ટ્રેટ એ વિશ્વની સૌથી મહત્વની ઓઈલ લાઈફલાઈન ગણાય છેઃ તે પર્શિયન ગલ્ફને હિંદ મહાસાગર સાથે જોડે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

મધ્ય પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ હવે એક નવા અને અત્યંત ખતરનાક વળાંક પર આવી પહોંચ્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે, અમેરિકા ઈરાન સામેનું યુદ્ધ જીતી ચૂક્યું છે અને હવે તેઓ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા હોર્મુઝની ખાડી પર ટોલ ટેક્સ વસૂલવાની તૈયારી કરી રહ્યા છે. ટ્રમ્પનું આ નિવેદન વૈશ્વિક તેલ બજાર અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ખળભળાટ મચાવી શકે તેમ છે.સોમવારે પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે અત્યંત આક્રમક વલણ અપનાવ્યું હતું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ ઈરાનને આ માર્ગ પરથી પસાર થતા જહાજો પાસેથી ફી લેવાની મંજૂરી આપશે? ત્યારે ટ્રમ્પે વળતો પ્રહાર કરતા કહ્યું, આપણે ટોલ કેમ ન લઈએ? હું તેમને શુલ્ક લેવા દેવાને બદલે પોતે વસૂલવાનું પસંદ કરીશ. અમે વિજેતા છીએ અને અમે જીત મેળવી છે. જોકે, નિષ્ણાતોનું માનવું છે કે હોર્મુઝ સ્ટ્રેટ પર ટોલ વસૂલવા માટે અમેરિકાએ ત્યાં ૧૦૦ ટકા સૈન્ય નિયંત્રણ મેળવવું પડશે, જે હાલના સંજોગોમાં એક મોટો પડકાર છે.

ટ્રમ્પે ઈરાનને ખુલ્લેઆમ અલ્ટીમેટમ આપતા કહ્યું છે કે, જો તે વૉશિંગ્ટનની શરતો નહીં માને અને હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી નહીં ખોલે, તો ઈરાનના નાગરિક પાયાના માળખા જેવા કે પુલ અને પાવર પ્લાન્ટ્સને આખા દેશમાં તબાહ કરી દેવામાં આવશે. ટ્રમ્પના મતે, ઈરાન સાથેના કોઈપણ સંભવિત કરારમાં હોર્મુઝ સ્ટ્રેટને મુક્ત કરવો એ પ્રાથમિક શરત રહેશે.

ટ્રમ્પ ભલે ફેબ્રુઆરીના અંતથી યુદ્ધ જીતી ગયા હોવાનો દાવો કરતા હોય, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. ઈરાન હજુ પણ સમગ્ર મધ્ય પૂર્વમાં મિસાઈલ અને ડ્રોન હુમલા ચાલુ રાખી રહ્યું છે. એટલું જ નહીં, ઈરાને હોર્મુઝ સ્ટ્રેટને બ્લોક કરી રાખ્યું છે, જેના કારણે વૈશ્વિક તેલ સપ્લાય ખોરવાઈ ચુક્યો છે. અમેરિકાએ યુદ્ધ શરૂ કરતી વખતે જે ઉદ્દેશ્યો નક્કી કર્યા હતા, તેમાંથી હજુ સુધી એક પણ સંપૂર્ણ રીતે સિદ્ધ થયા હોય તેવું જણાતું નથી.સામે પક્ષે ઈરાને પણ નમતું જોખવાના બદલે પોતાની રણનીતિ સ્પષ્ટ કરી દીધી છે. ઈરાની સંસદે હોર્મુઝ સ્ટ્રેટ પરથી પસાર થતા જહાજો પાસેથી ટોલ વસૂલવા માટે કાયદો પસાર કર્યો છે અને કેટલાક જહાજો પાસેથી વસૂલાત શરૂ પણ કરી દીધી છે.

મોહમ્મદ બાઘેર ગાલિબાફ, સ્પીકર, ઈરાન સંસદે સ્પષ્ટ કર્યું કે હોર્મુઝની સ્થિતિ હવે યુદ્ધ પહેલા જેવી ક્યારેય નહીં રહે. અબ્બાસ અરાઘચી વિદેશ મંત્રી, ઈરાને જણાવ્યું કે, જહાજોના સુરક્ષિત માર્ગ અને ઈરાનના હિતોની રક્ષા માટે આ જળમાર્ગના સંચાલન માટે નવી વ્યવસ્થાની જરૂર છે. હોર્મુઝ સ્ટ્રેટ એ વિશ્વની સૌથી મહત્વની ઓઈલ લાઈફલાઈન ગણાય છે. તે પર્શિયન ગલ્ફને હિંદ મહાસાગર સાથે જોડે છે. યુદ્ધ પહેલા વિશ્વનો અંદાજે ૨૦ ટકા તેલ અને લિક્વિફાઈડ નેચરલ ગેસ આ સાંકડા માર્ગેથી પસાર થતો હતો. આ માર્ગનો મોટો હિસ્સો ઓમાન અને ઈરાનના દરિયાઈ ક્ષેત્રમાં આવે છે. જો અમેરિકા અને ઈરાન બંને આ માર્ગ પર ટોલ વસૂલવાની જીદ પર અડગ રહેશે, તો આવનારા સમયમાં સમુદ્રી માર્ગો પર સૈન્ય સંઘર્ષ વધવાની પૂરેપૂરી શક્યતા છે. ટ્રમ્પની વિજયી છબી અને ઈરાનનો વળતો પ્રહાર વૈશ્વિક અર્થવ્યવસ્થાને ગંભીર સંકટમાં મૂકી શકે છે.

LPG અંગે કેન્દ્રનો મોટો નિર્ણય

## તમામ રાજ્યો માટે ૫ કિલોના સિલિન્ડરની સપ્લાય ડબલ

**સરકારે રાજ્યોમાં શ્રમિકો માટે ઉપલબ્ધ ૫ કિલોના ફ્રી ટ્રેડ એલપીજી સિલિન્ડરનો દૈનિક પુરવઠો બમણો કરવાનો નિર્ણય લીધો**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં વસતા પ્રવાસી મજૂરો માટે કેન્દ્ર સરકારે એક રાહતના સમાચાર આપ્યા છે. સરકારે રાજ્યોમાં શ્રમિકો માટે ઉપલબ્ધ ૫ કિલોના ફ્રી ટ્રેડ એલપીજી(FTL) સિલિન્ડરનો દૈનિક પુરવઠો બમણો કરવાનો નિર્ણય લીધો છે. પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન મુજબ, સિલિન્ડરની આ વધારાની સપ્લાય અગાઉના સરેરાશ વિતરણના આધારે નક્કી કરવામાં આવશે. એટલે કે, જે વિસ્તારમાં અગાઉ જેટલી માંગ અને સપ્લાય હતી, તેને ધ્યાનમાં રાખીને હવે ત્યાં બમણો પુરવઠો પૂરો પાડવામાં આવશે. આ નવી વ્યવસ્થા માર્ચ મહિનામાં નક્કી કરાયેલી ૨૦ ટકાની મર્યાદા કરતાં પણ વધુ રહેશે, જેથી વધુમાં વધુ શ્રમિકો સુધી આ સુવિધા પહોંચી શકે.

કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ વધારાના ૫ કિલોના સિલિન્ડર રાજ્ય સરકાર અને તેમના ખાદ્ય તથા નાગરિક પુરવઠા વિભાગોને સોંપવામાં આવશે, જેનું વિતરણ માત્ર પરપ્રાંતીય મજૂરો માટે જ કરવામાં આવશે. આ પ્રક્રિયામાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સંપૂર્ણ સહયોગ આપશે.

સરકારે લોકોને ખાતરી આપી છે કે વર્તમાન વૈશ્વિક સ્થિતિ વચ્ચે પણ દેશમાં પેટ્રોલ, ડીઝલ અને LPGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે, તેથી લોકોએ ગભરાઈને ખરીદી ન કરવી જોઈએ અને માત્ર સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવો જોઈએ. આ સાથે જ ગ્રાહકોને ગેસ બુકિંગ માટે ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવાની અને વિતરકો પાસે બિનજરૂરી ભીડ ન કરવાની સલાહ આપવામાં આવી છે. સરકાર હાલમાં હૉસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓ જેવા જરૂરી ક્ષેત્રો માટે પાઈપ્ડ નેચરલ ગેસ(PNG) અને ડોમેસ્ટિક એલપીજીની સપ્લાયને પ્રાથમિકતા આપી રહી છે. આ સિવાય, રિફાઈનરી ઉત્પાદન વધારવા અને શહેરી વિસ્તારોમાં બુકિંગ વચ્ચે ૨૫ દિવસ તથા ગ્રામીણ વિસ્તારોમાં ૪૫ દિવસનું અંતર રાખવા જેવા પગલાં લેવામાં આવ્યા છે.

સરકારી આંકડા મુજબ, અત્યાર સુધી અંદાજે ૫૧ લાખ ડોમેસ્ટિક સિલિન્ડરનું વિતરણ કરવામાં આવ્યું છે અને ૯૫ ટકા બુકિંગ ઓનલાઈન થવાને કારણે વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા વધી છે.

સતના જિલ્લામાં ફરી એક વાર દહેશતનો માહોલ છવાઈ ગયો

## અતીક અહેમદની ગેંગની ખુલ્લી ધમકીથી શિક્ષકોમાં મચ્યો હડકંપ

**શિક્ષકો શાળામાં પહોંચ્યા, ત્યારે નોટિસ બોર્ડ પર એક ધમકીભર્યું પોસ્ટર જોઈને તેઓના પગ નીચેની જમીન ખસકી ગઈ હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)મધ્યપ્રદેશ

મધ્યપ્રદેશના સતના જિલ્લામાં ફરી એક વાર દહેશતનો માહોલ છવાઈ ગયો છે. આ વખતે નિશાન બની છે એક સરકારી માધ્યમિક શાળા. સોમવારે સવારે જ્યારે શિક્ષકો શાળામાં પહોંચ્યા, ત્યારે નોટિસ બોર્ડ પર એક ધમકીભર્યું પોસ્ટર જોઈને તેઓના પગ નીચેની જમીન ખસકી ગઈ હતી.

પોસ્ટરમાં સ્પષ્ટ લખેલું હતું કે, “આ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે.” સાથે જ ૧૦ લાખ રૂપિયાની ખંડણી પણ માંગવામાં આવી હતી. સૌથી વધુ ડરાવનારી વાત એ હતી કે, ધમકી આપનારે પોતાને કુખ્યાત માફિયા અતીક અહમદની ગેંગનો સભ્યો હોવાનો દાવો કર્યો હતો.

પોસ્ટરમાં લખેલું હતું કે, “અતીક માર્યો ગયો છે, તેની ગેંગ નહીં.” આ વાક્ય વાંચીને શાળાના તમામ શિક્ષકો અને સ્ટાફના હોશ ઊડી ગયા હતા. તરત જ શાળાના વહીવટી તંત્ર દ્વારા આ મામલે કોઠી પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી હતી. જે બાદ પોલીસ તાત્કાલિક સ્કૂલમાં પહોંચી હતી અને તપાસ શરૂ કરી દીધી હતી.

સ્કૂલના હેડમાસ્ટર અરુણ પાંડેયે જણાવ્યું કે, “આ ઘટના પછી આખા સ્ટાફમાં ભયનો માહોલ છે. અમે પોલીસને લેખિત ફરિયાદ આપી છે. બાળકો અને વાલીઓને પણ સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે.”

અધિક પોલીસ અધીક્ષક પ્રેમલાલ કુર્વેએ કહ્યું, “મામલાની ગંભીરતા જોતાં દરેક પાસાથી તપાસ કરવામાં આવી રહી છે. આ કોઈ શરારતી તત્વની કરતૂત હોઈ શકે છે, પરંતુ અમે કોઈ પણ સંભાવનાને નકારી નથી શકતા. જલ્દી જ આરોપીની ઓળખ કરીને તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં શાળાની સુરક્ષા વધારી દેવામાં આવી છે અને આસપાસના વિસ્તારમાં પણ પોલીસે પૂછપરછ શરૂ કરી દીધી છે.”

નોંધપાત્ર વાત એ છે કે, છેલ્લા કેટલાક સમયમાં સતના જિલ્લામાં આવી ધમકીઓ વધી ગઈ છે. તે પહેલાં જિલ્લા ન્યાયાલય અને પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવવાની ઈ-મેઈલ ધમકીઓ મળી ચૂકી છે.

આંતરરાજ્ય આતંકી મોડ્યુલનો પર્દાફાશ

## શ્રીનગરમાંથી ૨ પાકિસ્તાની સહિત ૫ આતંકીઓ ઝડપાયા

**આ દરોડા દરમિયાન પોલીસે મોડ્યુલ સાથે સંબંધિત ઘણા વાંધાજનક અને મહત્વપૂર્ણ પુરાવા પણ રિકવર કર્યા છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

શ્રીનગર પોલીસે મોટી કાર્યવાહી કરતા પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા એક આંતરરાજ્ય આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. આ ઓપરેશનમાં ૨ પાકિસ્તાની આતંકવાદીઓ સહિત કુલ પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ ૫ આતંકીઓમાં એક લશ્કર-એ-તૈયબાનો ખૂંખાર આતંકી અબદુલ્લા ઉર્ફે અબૂ હુરેરા પણ સામેલ છે. પોલીસ અબૂ હુરેરાને ૧૬ વર્ષથી શોધી રહી હતી. અબૂ હુરેરા છેલ્લા ૧૬ વર્ષથી ફરાર હતો. તે જમ્મુ-કાશ્મીરની બહાર લશ્કર-એ-તૈયબાના ઠેકાણા બનાવવામાં સફળ રહ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે અબૂ હુરેરા ઉપરાંત અન્ય એક પાકિસ્તાની આતંકવાદી ઉસ્માન ઉર્ફે ખુબૈબની પણ આ મોટી કાર્યવાહીમાં ધરપકડ કરવામાં આવી છે.પ્રાપ્ત માહિતી પ્રમાણે જમ્મુ-કાશ્મીર પોલીસે એક સુનિયોજિત ઓપરેશન હેઠળ રાજસ્થાન અને હરિયાણા સહિત અનેક રાજ્યોમાં ૧૯ સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન પોલીસે મોડ્યુલ સાથે સંબંધિત ઘણા વાંધાજનક અને મહત્વપૂર્ણ પુરાવા પણ રિકવર કર્યા છે. હાલમાં ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે, અને કેસની સંપૂર્ણ તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ મોડ્યૂલ દેશના વિવિધ રાજ્યોમાં રહીને લશ્કર-એ-તૈયબા માટે લોજિસ્ટિકલ સપોર્ટ, ફંડિંગ અને યુવાઓને ફસાવવાનું કામ કરી રહ્યું હતું. ધરપકડ કરાયેલા બે પાકિસ્તાની આતંકવાદીઓની હાજરી એ સૂચવે છે કે સરહદ પારથી એક મોટું કાવતરું ઘડવામાં આવી રહ્યું હતું. સુરક્ષા એજન્સીઓ આ કાર્યવાહીને લશ્કરના સ્લીપર સેલ નેટવર્ક માટે એક મોટો ઝટકો માની રહી છે.

## સોનાનાં દરેક ઘરેણાંને યુનિક ઓળખ નંબર આપવા કેન્દ્ર સરકારની તૈયારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સોનાની શુદ્ધતામાં ભેળસેળ અને હોલમાર્કનાં ખોટા ઉપયોગને રોકવા માટે સરકાર હોલમાર્કિંગ વ્યવસ્થાને વધુ કડક બનાવવાની તૈયારી કરી રહી છે. નવા પ્રસ્તાવિત નિયમો હેઠળ હવે દરેક સોનાનાં ઘરેણાંને એક અલગ ઓળખ આપવામાં આવશે. જે ફક્ત તે જ ઘરેણા માટે હશે અને ફરી અન્ય કોઈ ઘરેણા માટે ઉપયોગમાં લઈ શકાશે નહીં. આનાથી ગ્રાહકોને અસલી અને સાચી શુદ્ધતાવાળું સોનું મળવામાં મદદ મળશે. હાલમાં દેશનાં ૪૦૦ જિલ્લાઓમાં હોલમાર્ક યુનિક આઈડી (એચયુઆઈડી) સિસ્ટમ અમલમાં છે. જેમાં દરેક ઘરેણાને એક વિશિષ્ટ નંબર આપવામાં આવે છે. જો કે સરકારને ફરિયાદો મળી રહી હતી કે કેટલાક કેસોમાં એક જ નંબર અનેક ઘરેણાઓ માટે ઉપયોગમાં લેવામાં આવી રહ્યો છે. તેનાથી ગ્રાહકને જેટલી શુદ્ધતાનું સોનું બતાવવામાં આવે છે તપાસમાં અનેક વખત તેટલું શુદ્ધ સોનું હોતુ નથી. આ પ્રકારનાં અનેક કેસ સપાટી પર આવ્યા છે. આ ગ્રાહકો સાથે એક પ્રકારની છેતરપિંડી છે. આ સમસ્યાને રોકવા માટે સરકાર હવે નવી અને કડક વ્યવસ્થા અમલમાં મૂકવા જઈ રહી છે. સરકારે આ નવી વ્યવસ્થાનું પરીક્ષણ પહેલા ૨૫ જિલ્લાઓમાં કર્યુ હતું. આ દરમિયાન હોલમાર્કવાળા દરેક ઘરેણાનો ફોટો, વજન અને અન્ય માહિતી ઓનલાઈન પોર્ટલ પર નોંધવામાં આવી હતી. સોનું ખરીદતી વખતે હંમેશા બીઆઈએસનું હોલમાર્ક ચેક કરો. અસલી હોલમાર્ક પર બીઆઈએસનું નિશાન, શુદ્ધતા અને હોલમાર્કિંગ સેન્ટરનું કોડ સ્પષ્ટપણે લખેલુ હોય છે. હોલમાર્ક વગરનું સોનું ખરીદવું ન જોઈએ. સોનાની સપાટી પર થોડુક નાઈટ્રિક એસિડ લગાવતા જો તેનો રંગ બદલાઈ જાય છે તો તે સાચુ સોનુ નથી. જો રંગ બદલાતું નથી તો તે સાચુ સોનું છે. સાચુ સોનું ચુંબક પ્રત્યે આકર્ષિત થતું નથી. સોનું મેગ્નેટથી ચોંટી જાય છે તો તેમાં ભેળસેળ હોઈ શકે છે.

આ હુમલામાં ત્રણ લોકો સામેલ હતા અને આ ત્રણેય માર્યા ગયા

## તૂર્કિયેમાં ઈઝરાયલ એમ્બેસી બહાર અંધાધૂંધ ફાયરિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધની વચ્ચે તુર્કીયેમાં ઈઝરાયલના કોન્સ્યુલેટ પાસે ફાયરિંગની ઘટના બની છે. આ ફાયરિંગમાં ત્રણ હુમલાખોરોના મોત થયા છે, જ્યારે બે પોલીસકર્મીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. જેના વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. એક વીડિયોમાં જોઈ શકાય છે કે એક તુર્કીયે પોલીસકર્મી હુમલાખોરો વિરુદ્ધ જવાબી કાર્યવાહી કરવા માટે બંદૂક કાઢે છે અને ગોળીબાર કરે છે. આ દરમિયાન એક વ્યક્તિ લોહીલુહાણ હાલતમાં જોવા મળે છે.

આ સિવાય અન્ય એક વીડિયોમાં ફાયરિંગનો અવાજ સંભળાય છે અને ગભરાયેલા લોકો પોતાનો જીવ બચાવવા માટે આમ-તેમ દોડતા જોવા મળે છે. ફાયરિંગની આ ઘટના તુર્કીયેના ઈસ્તંબુલમાં બની છે. રાહતની વાત એ છે કે ઈસ્તંબુલમાં હાલમાં ઈઝરાયલનો કોઈ રાજદ્વારી તૈનાત નથી.આ ઉપરાંત અંકારામાં આવેલી ઈઝરાયલી એમ્બેસીમાં પણ ઈઝરાયલનો કોઈ રાજદ્વારી હાજર નથી. અત્યાર સુધી એ સ્પષ્ટ થઈ શક્યું નથી કે આ હુમલો ઈઝરાયલી કોન્સ્યુલેટને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો કે નહીં. વાઈરલ થયેલા કેટલાક વીડિયોમાં ત્રણ બંદૂકધારીઓ જમીન પર પડેલા જોવા મળે છે. આ હુમલામાં ત્રણ લોકો સામેલ હતા અને આ ત્રણેય માર્યા ગયા છે.

## ભારત-બાંગ્લાદેશ બોર્ડર પર BSFનો નવો માસ્ટર પ્લાન!

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ભારત-બાંગ્લાદેશ સરહદ પર ઘૂસણખોરી રોકવા માટે બોર્ડર સિક્યુરિટી ફોર્સ અનોખો અને નવો માસ્ટર પ્લાન બનાવ્યો છે. પશ્ચિમ બંગાળના સરહદી વિસ્તારો નદીઓ અને કાદવના કારણે સુરક્ષા માટે પડકારરૂપ છે, ત્યાં હવે આ અવરોધોને પહોંચી વળવા બીએસએફે સરહદની સુરક્ષા કરાવ માટે ઝેરી સાપ અને મગરમચ્છનો ઉપયોગ કરવાની યોજના પર વિચારણા કરી રહ્યું છે.મીડિયા રિપોર્ટ મુજબ, ભારત-બાંગ્લાદેશ વચ્ચે આશરે 5000 કિલોમીટર લાંબી સરહદ છે. આમાંથી કેટલાક પડકારજનક વિસ્તારોમાં ફેન્સિંગ કરવી અશક્ય છે, તેથી BSF આવા વિસ્તારોમાં ઝેરી સાપ, વીંછી અને મગરમચ્છ રાખવાની યોજના પર વિચાર કરી રહી છે. ખાસ કરીને ભારત અને બાંગ્લાદેશમાં વહેતી ફેની, ઈચ્છામતી, ગંગા/પદ્મા અને મુહુરી જેવી નદીઓ ઘૂસણખોરી માટે સંવેદનશીલ માનવામાં આવે છે. આશરે 180 કિલોમીટરનો વિસ્તાર નદી અને કાદવવાળો હોવાથી ત્યાં આ માસ્ટર પ્લાન પર વિચારણા કરવામાં આવી રહી છે.હાલમાં BSF આ સરહદોની સુરક્ષા માટે ડ્રોન, સેન્સર, ઈન્ફ્રારેડ કેમેરા અને અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી રહી છે.




# તંત્રી લેખ......

## વિશ્વમાં શાંતિ જાળવવાનો પડકાર

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈતિહાસકારોનું કામ સરળ બનાવ્યું છે. તેઓ પોતાને એક મહાન શાંતિ નિર્માતા કહે છે. છતાં, તેમના રાજ્ય સચિવની ઈચ્છાઓને પૂર્ણ કરવા માટે, તેમણે ઈરાન પર હુમલો કર્યો. હુમલા પછી, તેઓ લગભગ દરરોજ વિજયની ઘોષણા કરી રહ્યા છે. તેમનો દાવો છે કે કેનેડા અને ગ્રીનલેન્ડ પર પ્રભુત્વ અમેરિકન સુરક્ષા માટે જરૂરી છે. તેમણે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ અને તેમની પત્નીનું પણ અપહરણ કર્યું છે. ક્યુબા પહેલેથી જ તેમના નિયંત્રણમાં છે. તેઓ આ દિવસોમાં ભારત પર પણ પોતાની ઈચ્છા લાદવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમને કોઈ પરવા નથી કે કોઈ તેમની વાત માને છે કે નહીં, અથવા તે તેમની પ્રતિષ્ઠા અને તેમના દેશની પ્રતિષ્ઠાને કેવી અસર કરે છે. તેમને એ પણ પરવા નથી કે વિશ્વનો દરેક દેશ, પરિવાર અને વ્યક્તિ યુએસ-ઈઝરાયલ-ઈરાન યુદ્ધની ભયાનકતાથી પ્રભાવિત છે, ભવિષ્ય વિશે ચિંતાથી પીડાઈ રહ્યા છે. આ યુદ્ધે ભારત સહિત સો કરતાં વધુ દેશોને ગંભીર અસર કરી છે.

બીજા વિશ્વયુદ્ધ પછી સ્થાપિત સંયુક્ત રાષ્ટ્ર (યુએન) અને તેની સુરક્ષા પરિષદ લાંબા સમયથી પોતાનું વાતાવરણ ગુમાવી ચૂકી છે. વિશ્વ અશાંતિમાં છે, પરંતુ કોઈને ખબર નથી કે તેઓ ક્યાં છે અથવા તેઓ શું કરી રહ્યા છે. તેઓ ક્યાંક નિષ્ક્રિય છે. દરમિયાન, યુનેસ્કો, તેની શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થા, સૂત્ર ધરાવે છે કે યુદ્ધો માનવ મનમાં સર્જાય છે. તેથી, શાંતિનું સંરક્ષણ ત્યાંથી શરૂ થવું જોઈએ. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની સ્થાપના ખૂબ અપેક્ષાઓ સાથે કરવામાં આવી હતી, પરંતુ ભૂતપૂર્વ વસાહતી દેશો, સ્વાર્થથી આંધળા થઈને, પોતાની શ્રેષ્ઠતાના ઘમંડમાં ડૂબેલા, તેને બિનઅસરકારક બનાવી દીધી છે. સામ્રાજ્યવાદનો અંત આવ્યો. વસાહતીવાદ પોતાને બચાવી શક્યો નહીં, પરંતુ જે લોકો બીજા દેશોને લૂંટવાનું એકમાત્ર લક્ષ્ય રાખે છે તેઓ હજુ પણ તેમના વર્ચસ્વના બંધનમાંથી મુક્ત થઈ શક્યા નથી અને લોકશાહીના સારને સ્વીકારી શકતા નથી. અસંખ્ય ઉદાહરણો આપી શકાય છે.

જ્યારે ઈજિપ્તે સુએઝ નહેરનું રાષ્ટ્રીયકરણ કર્યું, ત્યારે બ્રિટન, ફ્રાન્સ અને ઈઝરાયલે તેના પર આક્રમણ કર્યું. તેઓએ દલીલ કરી કે તે તેમની સુરક્ષા અને વ્યૂહાત્મક કારણોસર અને વિશ્વના હિતમાં પણ જરૂરી હતું. જોકે, તે આક્રમણના પરિણામે બ્રિટનને જે વૈશ્વિક વિશ્વસનીયતાનો ભોગ બનવું પડ્યું તે આજે પણ પુનઃસ્થાપિત થયું નથી. તે સમયે, બીજા વિશ્વયુદ્ધના અંતને માત્ર દસ વર્ષ જ વીતી ગયા હતા. યુએન આજ કરતાં વધુ પ્રભાવશાળી હતું. તે સમયે, યુનાઈટેડ સ્ટેટ્સે સુરક્ષા પરિષદમાં યુદ્ધવિરામનો ઠરાવ પસાર કર્યો હતો, જેમાં ભય વ્યક્ત કરવામાં આવ્યો હતો કે ત્રીજું વિશ્વયુદ્ધ શરૂ થઈ શકે છે. આજે, ટ્રમ્પનું અમેરિકા પોતે જ વિશ્વને ત્રીજા વિશ્વયુદ્ધની જ્વાળાઓમાં ડૂબાડી રહ્યું છે. ૨૦મી સદીમાં, બે વિશ્વયુદ્ધો, રશિયન ગૃહયુદ્ધ અને ચીની ગૃહયુદ્ધમાં લાખો નિર્દોષ નાગરિકો અને સૈનિકો માર્યા ગયા હતા. આજે પણ, તે ભયાનકતાના પુનરાવર્તનનો ભય રહે છે.

તાજેતરમાં, યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલે કોઈપણ વાતચીતને પ્રાથમિકતા આપ્યા વિના ઈરાન પર હુમલો કર્યો. તેથી, વિશ્વનો કોઈ પણ દેશ ખુલ્લેઆમ તેમને ટેકો આપી રહ્યો નથી. હાલમાં, દરેક દેશના યુવાનોનો દૃષ્ટિકોણ બદલાઈ રહ્યો છે. તેમની પાસે માનવ સમાનતા પ્રત્યેની વ્યવહારિક સમજ વધી રહી છે. સ્વાર્થ માટે શાંતિ, સમાનતા અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વ જેવા વિચારોનું બલિદાન આપવાનો સમય હવે રહ્યો નથી. આ યુદ્ધમાંથી વિશ્વના અન્ય દેશોની ગેરહાજરી આ મોટા ઐતિહાસિક પરિવર્તનને દર્શાવે છે. આ મુશ્કેલ સમયમાં પણ, ભારતીય નેતૃત્વએ રાષ્ટ્રીય હિત અને જાહેર હિતને પ્રાથમિકતા આપતા ધીરજ દાખવી છે. સામાન્ય લોકો દ્વારા આની પ્રશંસા કરવામાં આવી રહી છે. જો કે, આ યુદ્ધથી સામાન્ય લોકોને થતી વેદનાને દૂર કરવા માટે, બધા પક્ષો પક્ષીય રાજકારણથી ઉપર ઉઠીને એક થાય તે જરૂરી છે. જે લોકો ફક્ત સરકારની ટીકા કરી રહ્યા છે તેઓ કોઈ વ્યવહારિક વિકલ્પ આપતા નથી લાગતા.

### હોમી ભાભાનું ૭૦ વર્ષ જૂનું સપનું સાકાર

## કલપક્કમની સિદ્ધિથી એનર્જી સુપરપાવર બનશે ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય વિજ્ઞાન અને ઉર્જા ક્ષેત્રે આજે એક એવો સૂર્યોદય થયો છે જેની પ્રતિક્ષા દેશ છેલ્લા સાત દાયકાથી કરી રહ્યો હતો. તમિલનાડુના કલપક્કમ ખાતે આવેલા 'પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટર' (PFBR) એ ક્રિટિકાલિટી પ્રાપ્ત કરીને ઈતિહાસ રચી દીધો છે. આ સિદ્ધિ સાથે ભારત હવે રશિયા પછી વિશ્વનો બીજો એવો દેશ બની ગયો છે જેણે ઓટોમોડમાં ન્યુક્લિયર ચેન રિએક્શન શરૂ કરવામાં સફળતા મેળવી હોય. આ માત્ર એક ટેકનિકલ સફળતા નથી, પરંતુ પરમાણુ વિજ્ઞાનના પિતામહ ડૉ. હોમી જહાંગીર ભાભાએ ૧૯૫૦ના દાયકામાં જોયેલા આત્મનિર્ભર ભારતના સપનાનું સાકાર થવું છે.

કલપક્કમમાં સ્થિત ૫૦૦ મેગાવોટના આ રિએક્ટરે ક્રિટિકાલિટી હાંસલ કરી છે. સરળ ભાષામાં કહીએ તો, હવે આ રિએક્ટરમાં પરમાણુ શૃંખલા પ્રતિક્રિયા આપમેળે અને નિયંત્રિત રીતે શરૂ થઈ ગઈ છે.

આ એક એવી જટિલ પ્રક્રિયા છે. જેમાં રિએક્ટર હવે ઉર્જા પેદા કરવાની સાથે સાથે પોતાના ઉપયોગ માટે જરૂરી ઈંધણ કરતાં વધુ ઈંધણ બ્રીડ એટલે કે પેદા પણ કરશે. આ જ કારણે તેને ફાસ્ટ બ્રીડર રિએક્ટર કહેવામાં આવે છે.

ભારતના પરમાણુ કાર્યક્રમનો પાયો ૧૯૫૪માં નંખાયો હતો. તે સમયે ડૉ. હોમી જહાંગીર ભાભાએ ભારતની ભૌગોલિક સ્થિતિને સમજીને એક વિશિષ્ટ થ્રી-સ્ટેજ ન્યુક્લિયર પ્રોગ્રામ તૈયાર કર્યો હતો.

ભારત પાસે યુરેનિયમનો ભંડાર મર્યાદિત છે, પરંતુ વિશ્વનો સૌથી મોટો થોરિયમનો ભંડાર (લગભગ ૨૫%) ભારત પાસે છે. ભાભા જાણતા હતા કે, જો ભારતને ઉર્જા ક્ષેત્રે મહાસત્તા બનવું હોય, તો આપણે થોરિયમનો ઉપયોગ શીખવો જ પડશે. આ માટે તેમણે ત્રણ તબક્કાની યોજના બનાવી હતી.

બીજો તબક્કો: ફાસ્ટ બ્રીડર રિએક્ટર (FBR) - જે પ્લુટોનિયમનો ઉપયોગ કરીને વધુ પ્લુટોનિયમ બનાવે અને થોરિયમને યુરેનિયમ-૨૩૩ માં રૂપાંતરિત કરે. (કલપક્કમનું આ રિએક્ટર આ બીજા તબક્કાનો હૃદય સમાન હિસ્સો છે.)

આ રિએક્ટર બનાવવું એ લોઢાના ચણા ચાવવા સમાન હતું. સામાન્ય રિએક્ટરમાં પાણીનો ઉપયોગ કુલન્ટ તરીકે થાય છે, પરંતુ PFBR માં પ્રવાહી સોડિયમ નો ઉપયોગ થાય છે. સોડિયમ અત્યંત પ્રતિક્રિયાશીલ ધાતુ છે. તે હવા કે પાણીના સંપર્કમાં આવતા જ વિસ્ફોટ કરી શકે છે. તેને ૫૫૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાને પ્રવાહી અવસ્થામાં સતત વહેતું રાખવું એ ઈજનેરી કૌશલ્યની પરાકાષ્ઠા છે. આ રિએક્ટર પ્લુટોનિયમ-યુરેનિયમ મિશ્રિત ઓક્સાઈડ ઈંધણનો ઉપયોગ કરે છે. તે જેટલું ઈંધણ બાળે છે, તેનાથી વધુ ઈંધણ તે પેદા કરે છે, જે ભારત જેવા યુરેનિયમની અછત ધરાવતા દેશ માટે વરદાન સમાન છે.

આ પ્રોજેક્ટની શરૂઆત ૨૦૦૪માં થઈ હતી. ટેકનિકલ અવરોધો, આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો અને જટિલ સુરક્ષા માપદંડોને કારણે તેમાં વિલંબ થયો. પરંતુ ભારતીય વૈજ્ઞાનિકોની સંસ્થા ભાવિની એ હાર ન માની. ભૂતપૂર્વ પરમાણુ ઉર્જા આયોગના અધ્યક્ષ ડૉ. અનિલ કાકોદકરે આ સિદ્ધિને ભારતીય વિજ્ઞાનનો સુવર્ણકાળ ગણાવ્યો છે. તેમના મતે, આ સફળતાએ સાબિત કર્યું છે કે ભારત વિશ્વની સૌથી જટિલ ટેકનોલોજી પણ સ્વદેશી રીતે વિકસાવી શકે છે.

ઉર્જા આત્મનિર્ભરતા ભારત અત્યારે કોલસા અને આયાતી તેલ પર નિર્ભર છે. આ રિએક્ટર સફળતાપૂર્વક ચાલતા ભારત પોતાની વીજ જરૂરિયાતો માટે બીજા દેશો પર નિર્ભર નહીં રહે. નેટ-ઝીરો લક્ષ્ય ૨૦૭૦ ભારત સરકારે ૨૦૭ સુધીમાં કાર્બન ઉત્સર્જન શૂન્ય કરવાનું લક્ષ્ય રાખ્યું છે. પરમાણુ ઉર્જા એ ક્લીન એનર્જી છે, જે ગ્લોબલ વોર્મિંગ સામે લડવામાં મદદરૂપ થશે. લાંબા ગાળે જ્યારે થોરિયમનો ઉપયોગ શરૂ થશે, ત્યારે ભારત વિશ્વમાં સૌથી સસ્તી વીજળી પેદા કરતો દેશ બની શકે છે. ન્યુક્લિયર વેસ્ટમાં ઘટાડો, ફાસ્ટ બ્રીડર રિએક્ટર પરંપરાગત રિએક્ટર કરતા ઓછો પરમાણુ કચરો પેદા કરે છે, જે પર્યાવરણ માટે સુરક્ષિત છે.

કલપક્કમની આ સફળતા માત્ર વિજ્ઞાનની જીત નથી, પરંતુ ભારતીય વૈજ્ઞાનિકોના ધૈર્ય અને દ્રઢ નિશ્ચયની જીત છે. રશિયા પછી માત્ર ભારત પાસે જ આ ક્ષમતા છે તે બાબત વિશ્વ સ્તરે ભારતનું કદ વધારે છે. આ રિએક્ટર હવે આવનારા દાયકાઓમાં ભારતના 'થોરિયમ યુગ'ના દ્વાર ખોલશે, જે ભારતને ખરા અર્થમાં વિશ્વગુરુ અને ઉર્જા ક્ષેત્રે સ્વનિર્ભર બનાવશે. રશિયા બાદ ભારત આ ટેકનોલોજી ધરાવતો એકમાત્ર દેશ. ૩-સ્ટેજ ન્યુક્લિયર પ્રોગ્રામના બીજા તબક્કાની પૂર્ણતા ભાભાના વિઝનના સાકાર થવા સમાન છે. થોરિયમ પાવર: ભારત પાસે વિશ્વનો સૌથી મોટો થોરિયમ ભંડાર છે, જેનો હવે ઉપયોગ શક્ય બનશે. 'ભાવિની' દ્વારા સંપૂર્ણ ભારતીય બનાવટનું રિએક્ટર છે. આ ઐતિહાસિક ક્ષણ પર આખું રાષ્ટ્ર ગર્વ અનુભવી રહ્યું છે, કારણ કે હવે ભારતની વીજળી સ્વદેશી તેજથી ઝળહળશે.

### આ મામલે SIT દ્વારા તપાસની માંગ કરી હતી

## કોંગ્રેસ નેતા પવન ખેડાના ઘરે પોલીસના દરોડા



(સંપૂર્ણ સમાચાર સેવા)આસામ

કોંગ્રેસ નેતા પવન ખેડા દ્વારા આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાના પત્ની પર કરાયેલા ગંભીર આક્ષેપો બાદ વિવાદ વકર્યો છે. પવન ખેડાએ ૫ એપ્રિલ, ૨૦૨૬ના રોજ એક પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો હતો કે મુખ્યમંત્રીના પત્ની રિંકી ભુઈયા સરમા પાસે ત્રણ અલગ-અલગ પાસપોર્ટ છે, જેમાંથી બે મુસ્લિમ દેશોના છે.

પવન ખેડાએ સવાલ ઉઠાવ્યો હતો કે ભારતનો કાયદો બેવડી નાગરિકતાની મંજૂરી આપતો નથી, તો પછી તેમની પાસે ત્રણ પાસપોર્ટ કેવી રીતે હોઈ શકે? તેમણે ગૃહમંત્રી પાસે આ મામલે SIT દ્વારા તપાસની માંગ કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે હિમંત બિસ્વા સરમા મુસ્લિમો વિરુદ્ધ નફરતની રાજનીતિ કરે છે જ્યારે તેમના પરિવાર પાસે જ મુસ્લિમ દેશોના પાસપોર્ટ છે.આ આક્ષેપો સામે મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ આકરો પલટવાર કર્યો હતો. તેમણે પવન ખેડાના તમામ દાવાઓને પાયાવિહોણા અને ખોટા ગણાવતા ૪૮ કલાકની અંદર ફોજદારી અને માનહાનિનો કેસ કરવાની જાહેરાત કરી હતી. જે મુજબ, ૬ એપ્રિલના રોજ મુખ્યમંત્રીની પત્નીએ ખેડા વિરુદ્ધ FIR નોંધાવી હતી. આ ફરિયાદ નોંધાયાના બીજા જ દિવસે એટલે કે આજે, આસામ પોલીસની એક ટીમ દિલ્હી પોલીસ સાથે પવન ખેડાના દિલ્હી સ્થિત નિવાસસ્થાને પૂછપરછ માટે પહોંચી છે. હાલ આ મામલે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

## અનંત અંબાણીએ કેરળના મંદિરોમાં દર્શન કરી કરોડોનું દાન આપ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનંત અંબાણી એ તાજેતરમાં કેરળના બે અત્યંત પવિત્ર અને પ્રાચીન મંદિરો - રાજરાજેશ્વરમ મંદિર અને ગુરુવાયુર મંદિરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે મંદિરોના જીર્ણોદ્ધાર અને પ્રાણી સેવા માટે કુલ ૧૮ કરોડ ની સહાયની જાહેરાત કરી છે.

રાજરાજેશ્વરમ મંદિરની થશે કાયાકલ્પ - તલિપરમ્બા સ્થિત ઐતિહાસિક રાજરાજેશ્વરમ મંદિરમાં અનંત અંબાણીએ પૂજા-અર્ચના કરી હતી. તેમણે મંદિરના વિકાસ માટે ૩ કરોડનો ચેક અર્પણ કર્યો હતો.

આ ઉપરાંત, તેમણે મંદિરના પૂર્વ ગોપુરમના જીર્ણોદ્ધાર માટે ૧૨ કરોડ આપવાનું વચન આપ્યું છે. નોંધનીય છે કે આ ગોપુરમ છેલ્લા ૨૦૦ વર્ષથી જર્જરિત હાલતમાં હતું, જેનો હવે ભવ્ય રીતે પુનઃવિકાસ કરવામાં આવશે. આ ફંડનો ઉપયોગ શ્રદ્ધાળુઓ માટે પાર્કિંગ અને અન્ય પાયાની સુવિધાઓ સુધારવા માટે પણ થશે.

ગુરુવાયુર મંદિરમાં ભક્તિ અને આર્થિક સહયોગ - રાજરાજેશ્વરમ મંદિર પહેલાં, અનંત અંબાણીએ પ્રસિદ્ધ ગુરુવાયુર મંદિર )માં ભગવાન ગુરુવાયુરપ્પનના દર્શન કર્યા હતા. અહીં પણ તેમણે મંદિર ટ્રસ્ટને ૩ કરોડનું દાન આપ્યું હતું. મંદિર સમિતિ દ્વારા તેમનું પરંપરાગત સન્માન કરવામાં આવ્યું હતું અને પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો.હાથીઓના કલ્યાણ માટે 'વનતારા' અભિગમ - પ્રાણીઓ પ્રત્યે અત્યંત પ્રેમ અને સંવેદના ધરાવતા અનંત અંબાણીએ ગુરુવાયુર મંદિરના હાથીઓના કલ્યાણ માટે એક વિશેષ જાહેરાત કરી છે. પોતાના ડ્રીમ પ્રોજેક્ટ 'વનતારા'ના વિઝન હેઠળ, તેઓએ અહીં હાથીઓ માટે એક આધુનિક એલિફન્ટ હોસ્પિટલ બનાવવાની જાહેરાત કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે, અહીં હાથીઓ માટે સાંકળ-મુક્ત આશ્રયસ્થાન તૈયાર કરવામાં આવશે.

### હોર્મુઝ પર દુનિયાની નજર

## ટ્રમ્પની અંતિમ ચેતવણી બાદ ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો

**હોર્મુઝ સ્ટ્રેટ પર વધતા અવરોધોને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ જવાની ભીતિથી તેલ બજારમાં ભારે તેજી જોવા મળી રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે સતત વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આપવામાં આવેલી મંગળવારની ડેડલાઈનના કારણે વૈશ્વિક ઉર્જા બજારમાં ભારે ઉથલપાથલ મચી ગઈ છે.

આ તણાવ અને હોર્મુઝની સામુદ્રધુની ને ઈરાન માટે ફરીથી ખોલવા માટેની સમયમર્યાદાની સીધી અસરને પગલે મંગળવારે વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં ૩ ટકાથી વધુનો મોટો ઉછાળો નોંધાયો છે, જેના કારણે ભાવ નવા રેકોર્ડ સ્તર પર પહોંચી ગઈ છે. ભારતીય વાયદા બજાર (MCX) પર પણ ક્રૂડ ૩૦૦ રૂપિયાથી વધીને ૧૦,૮૮૮ રૂપિયા પ્રતિ બેરલ રેકોર્ડ સ્તર પર પહોંચી ગયું છે.

હોર્મુઝ સ્ટ્રેટ પર વધતા અવરોધોને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ જવાની ભીતિથી તેલ બજારમાં ભારે તેજી જોવા મળી રહી છે. ક્રૂડ ઓઈલ માર્કેટમાં નોંધાયેલા તાજેતરના આંકડા પ્રમાણે યુએસ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ ક્રૂડ ફ્યુચર્સ ૩ ટકા અથવા ૪.૧૫ ડોલરથી વધીને ૧૧૬.૫૬ ડોલર પર પહોંચી ગયું છે. બીજી તરફ સવારે ૯:૫૭ વાગ્યા સુધીમાં બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ ૧.૬૯ ટકા અથવા ૧.૮૬ ડોલરના વધારા સાથે ૧૧૧.૬૩ ડોલરના ઈન્ટ્રાડે ઊંચી સપાટીએ ટ્રેડ કરી રહ્યા હતા. બ્રેન્ટ ક્રૂડે આ સંઘર્ષની શરૂઆતથી ૬૦ ટકાથી વધુનો વધારો નોંધાવ્યો છે, જે ૨૭ ફેબ્રુઆરીના ૭૨.૪૮ ડોલરના સ્તરથી ઉછાળા સાથે ૯ માર્ચ સુધીમાં ૧૧૯.૫૦ ડોલર પર પહોંચી ગયું હતું.

મંગળવારે વાયદા બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ૩૦૦ રૂપિયા વધીને ૧૦,૮૮૮ રૂપિયા પ્રતિ બેરલના રેકોર્ડ સ્તર પર પહોંચી ગયા છે. આ વધારો સતત પુરવઠા સબંધિત ચિંતાઓ અને પશ્ચિમ એશિયામાં વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ વચ્ચે મજબૂત વૈશ્વિક ઉર્જા માપદંડો અનુરુપ રહ્યો.

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર એપ્રિલ ડિલિવરી માટે ક્રૂડ ઓઈલના ભાવમાં ૩૦૦ રૂપિયા અથવા ૨.૮૩ ટકાનો વધારો નોંધાયો હતો અને તે ૧૦,૮૮૮ પ્રતિ બેરલની ઓલ-ટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો છે. તેવી જ રીતે મે મહિનાના કોન્ટ્રેક્ટમાં પણ ૧૭૦ રૂપિયા અથવા ૧.૮૨ ટકાનો વધારો થયો અને તે MCX પર ૯,૪૮૫ પ્રતિ બેરલના નવા સ્તરે પહોંચી ગયો છે.

ક્રૂડ ઓઈલના ભાવમાં આ ઉછાળો હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા અંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અમેરિકન પ્રમુખ દ્વારા ઈરાન પ્રત્યે દેખાડવામાં આવેલ આક્રમક વલણ બાદ નોંધાયો છે. પ્રમુખ ટ્રમ્પે કડક ચેતવણી આપતા કહ્યું છે કે, જો તેહરાન હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે મંગળવાર રાત્રિની ડેડલાઈનનું પાલન નહીં કરે, તો તેના પર વિનાશ વેરવામાં આવશે. તેમણે એવી પણ ધમકી આપી હતી કે, ઈરાનને એક જ રાતમાં ખતમ કરી શકાય છે. ટ્રમ્પના મતે જો કોઈ કરાર નહીં થાય તો ઈરાનમાં દરેક પુલ નષ્ટ કરી દેવામાં આવશે અને ત્યાંનો દરેક પાવર પ્લાન્ટ હંમેશા માટે તબાહ કરી દેવામાં આવશે.

બીજી તરફ આ વૈશ્વિક સ્તરે ચાલી રહેલા તણાવ વચ્ચે એવા અહેવાલ સામે આવી રહ્યા છે કે ઈરાને યુદ્ધવિરામની યોજનાને ફગાવી દીધી છે અને અમેરિકા સામે પોતાનો સંઘર્ષ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

આ જીઓ-પોલિટિકલ કટોકટીની સૌથી વધુ અસર હોર્મુઝની સામુદ્રધુની પર પડી રહી છે, જે વૈશ્વિક ઉર્જા સપ્લાય માટે અત્યંત મહત્વની છે.

- વિશ્વના કુલ તેલ પરિવહનનો લગભગ પાંચમો ભાગ (૨૦%) આ જળમાર્ગ દ્વારા પસાર થાય છે.
- ૨૮ ફેબ્રુઆરીના રોજ સંઘર્ષ શરૂ થયો ત્યારથી આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ સતત અવરોધાયેલો છે.
- આ જ ગતિરોધને કારણે ચાલુ વર્ષે ક્રૂડ ઓઈલના ભાવમાં અંદાજે ૯૦ ટકાનો વધારો થયો છે, જે સરેરાશ ૧૦૦ ડોલરની આસપાસ જળવાયેલી છે.

ઉર્જા બજારની આ અસ્થિરતાની મિશ્ર અસર શેરબજાર પર જોવા મળી રહી છે. અમેરિકાનું વોલ સ્ટ્રીટ મામૂલી સુધારા સાથે બંધ થયું હતું, જ્યારે એશિયન શેરબજારમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો. ભારતીય શેરબજારમાં મંગળવારે ઘટાડાનો ટ્રેન્ડ રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટી જેવા મુખ્ય સૂચકાંકો ૧ ટકા સુધીના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા.

### મિડલ ઈસ્ટમાં ભીષણ યુદ્ધની આશંકા?

## અમેરિકામાં ડૂમ્સડે પ્લેનના આંટાફેરા, ફફડી ઉઠી દુનિયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ અને ઈરાન સાથેની શાંતિ મંત્રણા નિષ્ફળ જતાં હવે દુનિયા પર પરમાણુ યુદ્ધનું જોખમ તોળાઈ રહ્યું હોય તેવા સંકેતો મળી રહ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું ડૂમ્સડે પ્લેન તરીકે ઓળખાતું અત્યંત સુરક્ષિત વિમાન સોમવારે નેબ્રાસ્કાના આકાશમાં ચક્કર લગાવતું જોવા મળ્યું હતું. જેનાથી સમગ્ર વિશ્વમાં ફફડાટ ફેલાયો છે.

બોઈંગ ઈ-૪B નાઈટવોચને જનરલ ભાષામાં ડૂમ્સડે પ્લેન કહેવામાં આવે છે. આ કોઈ સામાન્ય વિમાન નથી, પરંતુ હવામાં તરતું અમેરિકાનું કમાન્ડ સેન્ટર છે. આ વિમાન એવી રીતે બનાવવામાં આવ્યું છે કે તે પરમાણુ વિસ્ફોટ અને ઈલેક્ટ્રોમેગ્નેટિક પલ્સ (EMP) ને પણ સહન કરી શકે છે. કટોકટીના સમયે અમેરિકી રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને સંરક્ષણ મંત્રી આ વિમાનમાંથી જ આખા દેશનું સંચાલન કરી શકે છે અને સૈન્યને આદેશ આપી શકે છે. આ વિમાન સતત ઘણા દિવસો સુધી હવામાં રહી શકે છે કારણ કે તેમાં હવામાં જ ઈંધણ ભરી શકાય તેવી સુવિધા છે.

સોમવાર, ૬ એપ્રિલના રોજ ફ્લાઈટ ટ્રેકિંગ ડેટા મુજબ, આ વિમાન સવારે ૧૦.૧૭ વાગ્યે નેબ્રાસ્કાના ઓફટ એરફોર્સ બેઝ પરથી ઉડ્યું હતું. આ એરબેઝ અમેરિકાના પરમાણુ કમાન્ડ સેન્ટરનું મુખ્ય મથક છે. વિમાને આ વિસ્તારમાં ઓછામાં ઓછા ૬ ચક્કર લગાવ્યા હતા. જોકે, સત્તાવાર રીતે તેને એક રૂટિન એક્સરસાઈઝ ગણાવવામાં આવી રહી છે, પરંતુ સમયને જોતા અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. ઓફટ એરબેઝની આસપાસ નાગરિક હવાઈ ટ્રાફિક ઓછો હોવાથી ત્યાં અવારનવાર આવી તાલીમ થતી હોય છે.આ ઘટના એવા સમયે બની છે જ્યારે પાકિસ્તાનની મધ્યસ્થતામાં ચાલી રહેલી શાંતિ મંત્રણાને ઈરાને ફગાવી દીધી છે. ઈરાને પાકિસ્તાન દ્વારા પ્રસ્તાવિત યુદ્ધવિરામના પ્લાનને નકારી કાઢતા કાયમી શાંતિની માંગ કરી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે મંગળવાર સુધીની ડેડલાઈન આપતા ઈરાનને ચેતવણી આપી છે કે, જો તેઓ વૈશ્વિક ઉર્જા માર્ગો ખોલવા માટે તૈયાર નહીં થાય, તો તેહરાનને નરક (Hell) બનાવી દઈશું.

૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાનના અનેક ઠેકાણાઓ પર સંયુક્ત હુમલા કરવામાં આવ્યા. જેના જવાબમાં ઈરાને વળતો પ્રહાર કર્યો હતો. જવાબમાં ઈરાને મધ્ય પૂર્વમાં ફેલાયેલા અમેરિકી અને સાથી દેશોના મથકો પર હુમલા કર્યા, જેનાથી સમગ્ર ક્ષેત્રમાં યુદ્ધની સ્થિતિ સર્જાઈ હતી. હાલમાં ઈરાને હોર્મુઝની સામુદ્રધુની બ્લોક કરી રાખી છે, જેના કારણે વૈશ્વિક તેલ પુરવઠા પર માઠી અસર પડી છે.

### યુરોપ ટુર પેકેજોના ભાવમાં ૧૦% સુધીનો તોતિંગ વધારો

## વેકેશન પર યુદ્ધનું ગ્રહણ ! ગુજરાતીઓએ ફરવાનું માંડી વાળ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈઝરાયલ-અમેરિકા, ઈરાન વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. જેના લીધે ગુજરાતના ટુર ઓપરેટરો આર્થિક રીતે ઘાયલ થયા છે. ખાડી દેશોમાં યુદ્ધને લીધે દુબઈ, તૂર્કીયે, ઓમાન ટુર તો હાલ બંધ છે. ઉનાળુ વેકેશનમાં દુબઈમાં ટુરિસ્ટોનું વધુ બુકિંગ થશે તેવી ધારણા ખોટી પડી છે. એટલું જ નહીં, ટ્રાવેલ્સ એજન્ટોએ દુબઈમાં હોટલ-રિસોર્ટમાં એડવાન્સ પેટે આપેલા લાખો કરોડો રૂપિયા પણ હાલ પૂરતા ભરાયા છે. ટુર ઓપરેટરોના મતે, યુદ્ધને લીધે ટુરિસ્ટોએ ફરવાનું માંડી વાળ્યું છે. જેના લીધે ટુર ઓપરેટરોને અંદાજે ૫૦૦ કરોડથી વધુનું આર્થિક નુકસાન થયું છે.દુબઈ ગુજરાતી પ્રવાસીઓનું હોટ ફેવરીટ ડેસ્ટિનેશન બની રહ્યું છે ત્યારે ગુજરાતના કેટલાય ટુર ઓપરેટરોએ ખાસ ડિસ્કાઉન્ટ આપીને દુબઈ ટુર પેકેજોમાં બુકિંગ કર્યું હતું. પણ યુદ્ધને લીધે આખુંય ચિત્ર બદલાયું છે. ઈરાને દુબઈ પર પણ હુમલા કર્યા છે આ જોતાં ગુજરાતી પ્રવાસીઓમાં ગભરાટનો માહોલ છે.

ટુર ઓપરેટરોનું કહેવું છે કે, હાલ દુબઈ, તૂર્કીયે અને ઓમાનના ટુર પેકેજોના બધાય બુકિંગ કેન્સલ થયા છે. હવે ટુરિસ્ટોએ ફરવા માટે સિંગાપુર, બાલી, વિયેતનામ, મલેશિયા જેવા દેશો પર પસંદગી ઉતારી છે.મહત્ત્વની વાત તો એ છે કે, યુદ્ધ વધુ ભીષણ બન્યું છે ત્યારે યુરોપ સહિત અન્ય દેશોની ફ્લાઈટ મિડલ ઈસ્ટ થઈને જતી હતી. હવે એતિહાદ, કતાર અને એમિરેટ્સ ફ્લાઈટ્સના શિડ્યુલ બદલાયા છે. સાથે ફ્લાઈટની સંખ્યા પણ ઓછી થઈ છે. આ જોતાં હવે યુરોપ સહિત અન્ય દેશોમાં ફરવાનું મોંઘુ થયું છે. તેમજ યુરોપ-અન્ય ટુર પેકેજોના ભાવમાં ૧૦% સુધીનો વધારો કરી દેવાયો છે. યુરોપ ટુર પેકેજનો ભાવ ૩ લાખ હતો જે વધીને ૩.૨૫ લાખ થયો છે. સિંગાપુરની ટુરના ભાવ ૧.૧૫ લાખ હતા જે વધીને ૧.૩૦ સુધી પહોંચ્યો છે. વિવિધ દેશોમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા છે જેના કારણે સાઈટસીન મોંઘું થયું છે.યુદ્ધને લીધે વૈશ્વિક પરિસ્થિતિ વધુ ચિંતાજનક બની છે ત્યારે ઘણાં પ્રવાસીઓએ વિદેશ પ્રવાસે જવાનું જ માંડી વાળ્યું છે જેના લીધે ટુર પેકેજોના બુકિંગ રદ થયા છે. એટલું જ નહીં, ટ્રાવેલ્સ એજન્ટોની ઓફિસે ટુર ઈન્ક્વાયરી ઘટી ગઈ છે. હવે તો ટુર ઓપરેટરો યુદ્ધની સ્થિતિ થાળે પડે તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. જો આ જ સ્થિતિ રહી તો, હજુ વધુ નુકસાન વ્હોરવાનો વારો આવશે.ઉનાળુ વેકેશન ટુ ઓપરેટરો માટે કમાણીની સીઝન હોય છે પણ આ વખતે યુદ્ધને પગલે ટુરિસ્ટોમાં ભયનો માહોલ છે. આમ છતાં રજાની મોજ માણવા માટે ઘણાં પ્રવાસીઓ ઉત્સુક છે. ટુર ઓપરેટરોનું કહેવું છે કે, કેરલા, કાશ્મીર, સિક્કીમ, રાજસ્થાન ગુજરાતી પ્રવાસીઓમાં ટોપ પર છે. આ વખતે લોકોએ ગ્રુપ બુકિંગ કરાવી ફરવા જવાનું મન બનાવ્યું છે. વિદેશ પ્રવાસે જવા કરતાં સ્થાનિકમાં જ વેકેશન માણવાનો ટ્રેન્ડ રહ્યો છે તેમ છતાં ડોમેસ્ટિક ટુર પેકેજોમાં પણ ૨૦-૨૨% ઓછું બુકિંગ થયું છે. ટૂંકમાં, યુદ્ધને લીધે ટુર ઓપરેટરોની ઉનાળુ વેકેશનની સીઝન માથે પડે તેમ છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - મંગળવાર, ૦૭/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૮૯૨ | ૪૦૧.૦૦ | ૭૧૧.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૯૫૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૩ | એરંડા | ૬૩૭ | ૧,૨૧૨.૦૦ | ૧,૨૫૨.૦૦ |
| ૪ | રાયડો | ૧૦ | ૧,૨૦૦.૦૦ | ૧,૨૬૦.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૩૯૦.૦૦ | ૪૪૦.૦૦ |
| ૬ | મકાઇ | ૮૫૮ | ૩૦૧.૦૦ | ૩૮૭.૦૦ |
| ૭ | ચણા | ૧૮૩ | ૧,૦૭૪.૦૦ | ૧,૨૦૦.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૩૧૫ | ૧,૦૬૦.૦૦ | ૧,૭૨૨.૦૦ |
| ૯ | તમાકુ | ૦ | ૧,૨૨૫.૦૦ | ૧,૯૫૦.૦૦ |
| ૧૦ | તમાકુ (ગારીયુ) | ૦ | ૮૦૦.૦૦ | ૧,૧૮૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર




RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ કોટનના વાયદામાં રૂ.૮૨૦નો ઉછાળોઃ સોનાના વાયદામાં રૂ.૧૫૧ અને ચાંદીના વાયદામાં રૂ.૧૬૨૩ની નરમાઈ

## મેન્થા તેલ, એલચીમાં સુધારોઃ ક્રૂડ તેલના વાયદામાં સેંકડા વધ્યાઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૧૭૬.૦૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૯૬૯૪.૪૧ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૮૬૪.૬૬ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૫૭૯૨ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૨૮૮૭૧.૧૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૧૭૬.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૯૯૬૯૪.૪૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૫૭૯૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૨૫૪.૧૨ કરોડનું થયું હતું.


કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૮૬૪.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૯૭૫૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૦૮૬૦ અને નીચામાં રૂ.૧૪૯૨૦૧ના મથાળે અથડાઈ, રૂ.૧૪૯૯૮૧ના આગલા બંધ સામે રૂ.૧૫૧ ઘટી રૂ.૧૪૯૮૩૦ થયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૫૮ વધી રૂ.૧૧૯૭૫૫ થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૩ વધી રૂ.૧૪૯૯૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૩ ઘટી રૂ.૧૪૮૩૪૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૮૮૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૯૬૯૯ અને નીચામાં રૂ.૧૪૮૧૨૭ના મથાળે અથડાઈ, રૂ.૧૪૮૮૫૪ના આગલા બંધ સામે રૂ.૧૦૨ ઘટી રૂ.૧૪૮૭૫૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૩૨૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૫૫૪૭ અને નીચામાં રૂ.૨૩૦૯૭૦ના મથાળે અથડાઈ, રૂ.૨૩૩૩૭૯ના આગલા બંધ સામે રૂ.૧૬૨૩ ઘટી રૂ.૨૩૧૭૫૬ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૪૬૮ ઘટી રૂ.૨૩૪૬૩૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૩૫૨ ઘટી રૂ.૨૩૪૮૩૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૯૪૪.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૨.૭૫ વધી રૂ.૧૧૬૪.૨૫ થયો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૫.૭ વધી રૂ.૩૩૦.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૪.૬ વધી રૂ.૩૫૭ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૭૫ પૈસા ઘટી રૂ.૧૯૫.૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૯૩૧૧.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૬૨૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૭૮૪ અને નીચામાં રૂ.૪૫૭૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૮ ઘટી રૂ.૪૬૭૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૧૦૭૨૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૮૮૮ અને નીચામાં રૂ.૧૦૩૮૬ના મથાળે અથડાઈ, રૂ.૧૦૫૮૮ના આગલા બંધ સામે રૂ.૧૪૨ વધી રૂ.૧૦૭૩૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૪૫ વધી રૂ.૧૦૭૩૦ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૫ વધી રૂ.૨૬૮.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૨.૫ વધી રૂ.૨૬૮.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૦૫૦.૮ના ભાવે ખૂલી, રૂ.૧.૩ વધી રૂ.૧૦૫૨ થયો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૮૨૦ના ઉછાળા સાથે રૂ.૨૮૯૯૦ થયો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૫૮૫ના ભાવે ખૂલી, રૂ.૩૧ વધી રૂ.૨૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો.




કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૨૦૫૪.૮૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૮૦૯.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૦૦૦.૮૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૨૦.૩૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯.૯૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૭૬.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૯.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૪૧૯.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૮૫૨.૭૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૫૩ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૧.૦૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૪૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૧૦૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૭૦૮૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૩૭૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૮૧૯૩૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૩૪૩૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૧૩૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૦૧૫૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૮૯૪૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૫૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૨૬૫૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૨૪૪૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૫૬૮૭ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૫૮૧૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૫૬૮૭ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૮૮ પોઈન્ટ ઘટી ૩૫૭૯૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯.૩ વધી રૂ.૧૩૫.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૦ પૈસા વધી રૂ.૧૨.૬ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩ ઘટી રૂ.૪૮૧.૫ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૭.૫ ઘટી રૂ.૭૦૩ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૫ પૈસા વધી રૂ.૧૪.૬૧ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૬ વધી રૂ.૬.૫ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૧૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૮.૫૫ વધી રૂ.૧૪૦.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨૫ વધી રૂ.૧૫.૬ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩ ઘટી રૂ.૪૧૦૦ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૬ ઘટી રૂ.૭૧૦ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯ ઘટી રૂ.૫૬૬.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા ઘટી રૂ.૯.૭૫ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૪.૫ ઘટી રૂ.૨૦૫૬.૫ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૭ ઘટી રૂ.૩૪૪.૫ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૧ પૈસા ઘટી રૂ.૮.૯ થયો હતો. જસત એપ્રિલ રૂ.૩૨૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૨ ઘટી રૂ.૪.૬ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૧૦૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૦.૨ ઘટી રૂ.૭૯૮.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૦ પૈસા ઘટી રૂ.૯.૯ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૨ ઘટી રૂ.૨૧૪૦ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૨૮.૫ વધી રૂ.૨૪૭૭ના ભાવે બોલાયો હતો.

# કોંગ્રેસની પહેલી યાદી બહાર પડતા જ થયો ભડકો : ગઈ કાલે ભાજપમાં હતા આજે કોંગ્રેસના ઉમેદવાર જેવા ઉઠયા કાર્યકરોના સવાલોઃ અમદાવાદની કેટલીક બેઠકો પર ઉમેદવારોને લઈને વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીને લઈને કોંગ્રેસ દ્વારા પહેલી ઉમેદવાર યાદી જાહેર થતાં જ આંતરીક અસંતોષ બહાર આવ્યો છે. યાદી જાહેર કરવા પહેલા મોડી રાત્રે બે વાગ્યા સુધી બેઠક યોજાઈ હતી. જેમાં પ્રદેશ પ્રભારી બી વી શ્રી નિવાસ , દેવેન્દ્ર યાદવ અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિતના નેતાઓએ ચર્ચા કરીને નામોને અંતિમ સ્વરૂપ આપ્યુ હતું. છતાં યાદી બહાર આવતા જ કેટલાક વિસ્તારોમાં સ્થાનિક કાર્યકરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. કોંગ્રેસે શરૂઆતમાં માત્ર નિર્વિવાદીત બેઠકો પર ઉમેદવારો જાહેર કરવાનો નિર્ણય લીધો હતો. જેથી વિવાદ ટાળી શકાય, પરંતુ હકીકતમાં અમદાવાદની



કેટલીક બેઠકો પર ઉમેદવારોને લઈને જ વિરોધ શરૂ થઈ ગયો છે. ખાસ કરીને રામોલ-હાથીજણ વોર્ડ માં પદમાબેન પરમાર અને શેખ રમીજ રાજા અબ્દુલ અજીજના નામ જાહેર થતા વિવાદ ઉભો થયો છે. શેખ રમીજરાજા ના નામને લઈને કાર્યકરો સવાલ ઉઠાવી રહ્યા છે કે તેમણે ૨૦૨૪ માં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. તો તેમની ફરી પાર્ટીમાં વાપસી કયારે થઈ? સ્થાનિક કાર્યકરો સોશીયલ મીડીયા પર તેમના ભાજપના નેતાઓ સાથેના ફોટા વાયરલ કરીને ઉમેદવારીનો વિરોધ કરી રહ્યા છે. તેઓએ શહેર પ્રમુખને પત્ર લખીને પણ સ્પષ્ટતા માંગી છે અને અન્ય ઉમેદવાર પસંદ કરવાની માંગ કરી છે. આ વિવાદ વચ્ચે અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ સોનલ પટેલ બચાવની ભુમિકામાં જોવા મળ્યા હતા. તેમના જણાવ્યા મુજબ શેખ રમીજરાજા લાંબા સમયથી એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસ સાથે જોડાયેલા છે અને તેમની સામે કરવામાં આવતા આક્ષેપો ખોટા છે, તેઓએ વધુમાં કહ્યુ કે યુવા ઉમેદવાર તરીકે તેમને તક આપવામાં આવી છે અને તેઓ સતત પાર્ટી સાથે કાર્યરત રહ્યા છે. વટવા વિસ્તારમાં પણ સમાન સ્થિતિ જોવા મળી છે. વટવા વિસ્તારમાં સોયબઅલી સાબીરઅલી રાજપુતના નામને લઈને વિવાદ ઉભો થયો છે. તેમના આમ આદમી પાર્ટીના કાર્યક્રમમાં હાજરી આપતા ફોટા વાયરલ થતા કાર્યકરોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે અને ઉમેદવાર બદલવાની માંગ ઉઠી છે. આ ઘટના ક્રમ દર્શાવે છે કે કોંગ્રેસે ભાજપ કરતા વહેલી ઉમેદવાર યાદી જાહેર કરી હોવા છતાં હવે આંતરીક અસંતોષ અને સ્થાનિક સ્તરે ઉઠતા પ્રશ્નો પાર્ટી માટે પડકાર બની શકે છે. આગામી દિવસોમાં પાર્ટી આ વિવાદોને કેવી રીતે હલ કરે છે તે ચુંટણી પર અસરકારક સાબિત થઈ શકે છે.

# અમરેલી ભાજપમાં ભડકોઃ જિલ્લા પંચાયતના મહિલા સભ્યના રાજીનામા થી રાજકીય ગરમાવો

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ અમરેલી જિલ્લામાં ભાજપમાં આંતરીક અસંતોષ ખુલ્લો પડયો હોય તેવુ જિલ્લા ભાજપમાં રાજીનામાની દોર શરૂ થતા રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

મળતી વિગતો મુજબ જિલ્લા પંચાયતના મહિલા સભ્ય હેમાક્ષીબેન રાણાભાઈ રાદડીયાએ પોતાના તમામ હોદ્દાઓ પરથી રાજીનામુ આપી દીધુ છે. તેમણે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીને પોતાનુ રાજીનામુ સોંપ્યુ હોવાનુ જાણવા મળે છે. આ હેમાક્ષીબેન રાદડીયાએ તમામ હોદ્દાઓ જ નહી પરંતુ ભાજપના પ્રાથમિક સભ્ય પદેથી પણ રાજીનામુ આપી દીધુ છે.



મળતી માહિતી મુજબ હેમાક્ષીબેન રાદડીયા ૨૦૨૧ માં જિલ્લા પંચાયતની મોટા ઝીંઝુડા બેઠક પરથી ચુંટાઈ આવ્યા હતા. તે પહેલા તેમના પરીવારના રાણાભાઈ રાદડીયા ૨૦૧૫ થી ૨૦૨૦ દરમિયાન તાલુકા પંચાયતના સભ્ય તરીકે સેવા આપી ચુકયા છે. ભાજપ પ્રત્યેની નારાજગીના કારણે આ રાજીનામુ આપ્યુ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. જો કે સત્તાવાર કારણ જાહેર થયુ નથી, ચુંટણી અગાઉ પક્ષમાં વધતી અસંતોષની લાગણી ભાજપ માટે પડકારરૂપ બની શકે છે. આ ઘટનાથી અમરેલી જિલ્લામાં રાજકીય હલચલ તેજ બની છે. તો બીજી તરફ ભાજપમાં થયેલા ભડકાથી કોંગ્રેસમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

સ્થાનિક સ્વરાજયની ચુંટણી નજીક આવી રહી હોય ત્યારે ભાજપમાં ઉભા થયેલા આ આંતરીક વિખવાદ ના પરીણામો આવનારા સમયમાં રાજકીય દ્રશ્ય પર અસર કરી શકે છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ અમરેલી તાલુકાના જસવંતગઢ ગામના સરપંચ તથા તેમના એક કાર્યકર સાથે ભાજપમાંથી રાજીનામુ ધરી દીધુ હતું.

# ભુષણ ભટ્ટ ને પોતાના પુત્ર માટે ટીકીટ જોઈએ છે એટલે હવાતીયા મારે છેઃ ખાડીયા પાકિસ્તાન બની જશે ના નિવેદન પર ખેડાવાલાનો વળતો જવાબ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપના પૂર્વ ધારાસભ્ય ભુષણ ભટ્ટ ના ખાડીયા પાકિસ્તાન બની જશે વાળા નિવેદનને લઈને કોંગ્રેસના સ્થાનિક ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ વળતો જવાબ આપ્યો છે. જમાલપુર-ખાડીયા ના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ જણાવ્યુ હતુ કે જયારે જયારે ચુંટણી હોય ત્યારે ખાડીયાના પૂર્વ ધારાસભ્ય ભુષણ ભટ્ટ આવા નિવેદનો કરતા હોય છે. એમના નિવેદનોની ચુંટણીમાં કે પ્રજામાં તો શું એમની પાર્ટીમાં પણ કોઈ અસર થતી નથી, એટલા માટે નથી થતી કે ભુષણભાઈ પાસે એવા કોઈ મુદ્દા હોતા જ નથી.

છેલ્લા બે ટર્મ થી જમાલપુર-ખાડીયા વિધાનસભામાં ધારાસભ્ય તરીકે હું સેવા આપી રહ્યો છુ, ખાડીયા-જમાલપુર



વિસ્તારમાં થી તમામ સમાજના મત મને મળે છે, ત્યારે હું ધારાસભ્ય બનુ છુ, ભુષણભાઈ હમણાં સ્ટેજ પરથી બોલતા હતા કે ખાડીયા પાકિસ્તાન બની જશે, મારે ભુષણભાઈને પુછવું છે કે ખાડીયા પાકિસ્તાન કેવી રીતે બને ? જમાલપુર- ખાડીયા વિધાનસભામાંથી કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ વધુમાં જણાવ્યુ હતુ કે બે ટર્મ થી હું ત્યાં ધારાસભ્ય છું, કોંગ્રેસનો ધારાસભ્ય છુ, હું એક મુસ્લીમ ધારાસભ્ય છુ, છતાં પણ ત્યાંના સ્થાનિક લોકોને કયારેય એવુ લાગ્યુ નથી કે મારા તરફથી એવુ કોઈ નિવેદન કયારેય આવ્યુ નથી, સ્થાનિકોને મારા તરફથી કોઈ તકલીફ પડી નથી,

ઈમરાન ખેડાવાલાએ વધુમાં જણાવ્યુ હતુ કે એક રાજકીય રીતે કોર્પોરેશનની ટીકીટ મેળવવા માટે પૂર્વ ધારાસભ્ય ભુષણ ભટ્ટ હાલ હવાતીયા મારી રહ્યા છે. ભુષણ ભટ્ટ ને પોતાના પુત્રને કે પરીવારમાંથી કોઈને ચુંટણી લડાવવી છે. તેમને ભાજપમાંથી કોર્પોરેશનની ચુંટણી માટે ટીકીટ જોઈતી હશે એટલા માટે આવા નિવેદનો કરી રહ્યા છે. બે દિવસ પહેલા જ તેમણે એક પત્ર લખ્યો હતો જેમાં એવુ લખ્યુ હતુ કે પોલીસ જબરદસ્તી હિન્દુઓના ઘરો ખાલી કરાવી રહી છે, એવો એક પત્ર હમણાં ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીને ભુષણ ભટ્ટે લખ્યો હતો, ભાજપના પૂર્વ ધારાસભ્ય છે, સરકાર એમની છે, ડબલ એન્જીનની સરકાર છે, શું પોલીસ પર તેમને ભરોસો નથી કે પછી સરકાર પર તેમને ભરોસો નથી, એ મને કંઈ સમજાતુ નથી. પરંતુ આવા જે નિવેદનો કરે છે એ માત્ર અને માત્ર હિન્દુ અને મુસ્લીમની રાજનીતીના હોય છે,

એક સમય પહેલા જયારે ભુષણ ભટ્ટ આ વિસ્તારના ધારાસભ્ય હતા ત્યારે એવુ કહેતા હતા કે મુસ્લીમ ધારાસભ્ય કે કોંગ્રેસનો ધારાસભ્ય અહી ચુંટાઈને આવશે તો અહી બધે મટનની દુકાનો ખુલી જશે, મટનની માર્કેટો લાગી જશે, અહીં બધે મટનના તવા લાગી જશે,હમણાં પણ તમે ત્યાં જઈને જોઈ શકો છો કે, અમારા મત વિસ્તારમાં આવતા માણેક ચોકમાં માત્ર વેજીટેરીયન ફુડ જ વેચાય છે. એટલે માત્ર તેઓ લોકોને ભ્રમિત કરવાનુ કામ કરે છે, હવે લોકો તેમને ઓળખી ગયા છે કે કોર્પોરેશનની ચુંટણીમાં તેમનુ કંઈ ઉપજવાનુ નથી. આ વખતે કોર્પોરેશનની ચુંટણીમાં ખાડીયામાં ચારેય ચાર સીટો કોંગ્રેસના ઉમેદવારો જીતશે.

# ભાજપનો ઐતિહાસિક નિર્ણય : ૬૦ વરસથી વધુ ઉંમર અને ૩ ટર્મ વાળા નેતાઓને ટીકીટ નહી મળે

## સરકાર કે સંગઠનના પદાધિકારીના પરીવારજનોને ટીકીટ નહીઃ પરીવારવાદ રોકવા ભાજપ હાઈકમાન્ડ નો કડક નિર્ણય

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે ભારતીય જનતા પાર્ટીએ ઉમેદવારોની પસંદગી માટે અત્યંત કડક અને નવા નિયમો જાહેર કરીને રાજકીય વર્તુળોમાં હડકંપ મચાવી દીધો છે. ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડ ની આજે મંગળવારે મળેલી બેઠકમાં પક્ષના હાઈકમાન્ડે કેટલાક એવા નિર્ણયો પર મહોર મારી છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે આ વખતે નો રીપીટ થીયરી અને યુવા જોશ પર વધુ ભાર મુકવામાં આવશે,

ભાજપે લીધેલા સૌથી મોટા નિર્ણયોમાંનો એક એ છે કે ૬૦ વરસથી વધુ ઉંમર ધરાવતા નેતાઓને આ વખતે ચુંટણી લડવાની તક આપવામાં આવશે નહી, પક્ષનુ માનવુ છે કે નવા લોહીને સંગઠન અને સરકારમાં સ્થાન આપવુ જરૂરી છે. આ નિર્ણયને કારણે અને સીનીયર નેતાઓ, જેઓ દાયકાઓથી પક્ષના સક્રિય છે, તેઓ હવે ચુંટણી મેદાનમાંથી બહાર થઈ જશે, બીજો મહત્વનો નિર્ણય એ છે કે જે ઉમેદવારો સતત ૩ ટર્મ



થી ચુંટણી લડી રહ્યા છે તેમની ટીકીટ કાપવામાં આવશે, ભાજપ હાઈકમાન્ડ માને છે કે એક જ વિસ્તારમાં લાંબા સમય સુધી પ્રતિનિધિત્વ કરવાથી મતદારોમાં કયારેક નિરૂત્સાહ જોવા મળે છે. નવા ચહેરાઓને તક આપીને પક્ષ એન્ટી ઈન્કમ્બન્સી ને ખાળવા માંગે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હંમેશા પરીવારવાદ વિરૂધ્ધ બોલતા રહ્યા છે અને હવે તેને સંગઠનમાં અમલી બનાવવામાં આવ્યો છે. નવા નિયમ મુજબ સરકાર કે સંગઠનના પદાધિકારીઓના પરીવારજનોને ટીકીટ આપવામાં આવશે નહી, આ કડક માપદંડ ને કારણે ઘણા મોટા નેતાઓના પુત્રો કે સંબંધીઓ જેઓ રાજકીય પદાર્પણની આશા રાખી રહ્યા હતા તેમના સપના પર પાણી ફરી વળ્યુ છે.

પસંદગીના આ કડક માપદંડો થી અનેક મુરતીયાઓ ના પત્તા કપાઈ ગયા છે. ભાજપ હવે કાર્યકર્તા આધારીત પક્ષ હોવાની છબી વધુ મજબુત કરવા માંગે છે. સંગઠન પ્રત્યેની વફાદારી અને સ્વચ્છ છબી ધરાવતા યુવા કાર્યકર્તાઓને પ્રાધાન્ય આપવામાં આવશે. આ નવા માપદંડો આગામી ચુંટણીમાં ભાજપ માટે કેટલા ફાયદાદારક સાબિત થાય છે તે હવે જોવુ રહ્યું.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કાર્યને કારણે અમદાવાદ મંડળમાંથી પસાર થતી ૦૪ ટ્રેનો પ્રભાવિત

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) ના બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ગેરતપુર—અમદાવાદ રેલખંડ પર પ્રીકાસ્ટ પોર્ટલ બીમ સ્થાપિત કરવા માટે જરૂરી કાર્ય કરવું પ્રસ્તાવિત છે.

આ કાર્ય માટે તારીખ ૦૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. આ ટ્રાફિક બ્લોકને કારણે અમદાવાદ મંડળમાંથી પસાર થતી નીચે મુજબની ટ્રેનો પ્રભાવિત રહેશેઃ

રદ ટ્રેનોઃ ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા—જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ, જે અમદાવાદ મંડળના અમદાવાદ, સાબરમતી, ચાંદલોડિયા, આંબલી રોડ અને વિરમગામ સ્ટેશનો પરથી પસાર થાય છે, તે તારીખ ૦૮.૦૪.૨૦૨૬ના રોજ રદ રહેશે.

ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર—વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ, જે અમદાવાદ મંડળના વિરમગામ, આંબલી રોડ, ચાંદલોડિયા, સાબરમતી અને અમદાવાદ સ્ટેશનો પરથી પસાર થાય છે, તે તારીખ ૦૯.૦૪.૨૦૨૬ના રોજ રદ રહેશે.

માર્ગમાં રેગ્યુલેટ થતી ટ્રેનોઃ

ટ્રેન નંબર ૨૨૭૧૮ સિકંદરાબાદ—રાજકોટ સુપરફાસ્ટ એક્સપ્રેસ, જે અમદાવાદ મંડળના મણિનગર, અમદાવાદ અને વિરમગામ સ્ટેશનો પરથી પસાર થાય છે, તેને તારીખ ૦૮.૦૪.૨૦૨૬ના રોજ વડોદરા મંડળમાં અંદાજે ૦૧ કલાક માટે રેગ્યુલેટ કરવામાં આવશે. ટ્રેન નંબર ૧૫૬૩૬ ગુવાહાટી—ઓખા એક્સપ્રેસ, જે અમદાવાદ મંડળના અમદાવાદ અને વિરમગામ સ્ટેશનો પરથી પસાર થાય છે, તેને તારીખ ૦૮.૦૪.૨૦૨૬ના રોજ વડોદરા મંડળમાં અંદાજે ૦૧ કલાક માટે રેગ્યુલેટ કરવામાં આવશે. મુસાફરોને વિનંતી છે કે ટ્રેનોના સમય, સ્ટોપેજ તથા અન્ય અપડેટ માહિતી માટે www. enquiry. indianrail. gov.in વેબસાઈટની મુલાકાત લેવી.

# અમારૂ કંઈક સમજો : સ્ટેમ્પ ડયુટી કચેરીમાં ઉઘરાણાનો ઉઘાડો ખેલ : રાજકોટ (ગ્રામ્ય) કચેરીમાં કામનો ભાવ ફીકસ રૂ.૫ હજાર લાંચ લેવાનો વિડીયો વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાવનગરમાં પ્રાંત અધિકારીના હંગામી ડ્રાઈવર વિરૂધ્ધ અશાંતધારાની ફાઈલો કલીયર કરાવવા માટે ૧૪ લાખ રૂપીયાની માંગણી કર્યાનો વિવાદ હજુ સમ્યો નથી ત્યાં જ રાજકોટની જૂની કલેકટર કચેરીમાં બેસતી સ્ટેમ્પ ડયુટીના નાયબ કલેકટર (ગ્રામ્ય) ની કચેરીનો એક કર્મચારી સ્ટેમ્પ ડયુટીના ઓછા મુલ્યાંકન માટે ખુલ્લેઆમ નાણાં માંગતો હોવાનો વિડીયો વાયરલ થતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

રાજકોટમાં સરકારી કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચારની પોલ ખોલતો એક વિડીયો સોશીયલ મીડીયામાં ભારે વાયરલ થયો છે. જૂની કલેકટર કચેરીમાં આવેલ સ્ટેમ્પ ડયુટી નાયબ કલેકટર કચેરી (ગ્રામ્ય વિભાગ-૨) માં આવેલ સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન વિભાગમાં એક કર્મચારી ખુલ્લેઆમ કામના બદલામાં રૂપીયા માંગતો હોવાનુ કેમેરામાં કેદ થયુ છે. એક જાગૃત નાગરીકે આ સમગ્ર ઘટનાનો ગુપ્ત રીતે વિડીયો ઉતારીને વાયરલ કરતા વહિવટી તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. રાજકોટના સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન વિભાગમાં ભ્રષ્ટાચાર માઝા મુકી રહ્યો છે. જો કોઈ અરજદારને અહીં કોઈપણ પ્રકારનુ કામ હોય તો તેણે પહેલાથી જ રૂપીયા ૫ હજાર લાંચ માટે તૈયાર રાખવા પડે છે. અહીં ગમે તેવુ કામ હોય, લાંચનો ભાવ એક જ છે, ૫ હજાર રૂપીયા, આ વિભાગના ભ્રષ્ટ બાબુઓની નીતિ એવી છે કે જયારે કોઈ અરજદાર અરજી કરે, ત્યારે તેને ૧ થી ૨ મહિના સુધી માત્ર તારીખો જ આપવામાં આવે છે. વારંવાર ધકકા ખાઈને જયારે અરજદાર કંટાળી જાય, ત્યારે આ લોકો અરજદારને એવુ કહે છે કે અમારૂ કંઈક સમજો, ત્યારબાદ કંટાળીને અને મજબૂર બનીને અરજદાર આ લોકોને લાંચ આપવા તૈયાર થાય છે,



વાયરલ થયેલા વિડીયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન વિભાગનો એક આઉટસોર્સ કર્મચારી અરજદાર પાસે રૂપિયા ૫ હજારની માંગણી કરી રહ્યો છે અને રૂપીયા ૨ હજાર રોકડા લેતો પણ નજરે પડે છે. આ દ્રશ્યો જોઈને લોકોમાં એવી ચર્ચા જાગી છે કે જો આ કર્મચારીઓ એક કામના રૂપીયા ૫ હજાર લેતા હોય તો તેમની રોજેંદી આવક કેટલી હશે ? જો આ ભ્રષ્ટ તત્વોની માસિક ગેરકાયદેસર કમાણીનો અંદાજ લગાવવામાં આવે તો તે જિલ્લા કલેકટર ના કાયદેસરના પગાર કરતા પણ અનેક ગણી વધારે થવા જાય છે. સરકારી કચેરીમાં ખુલ્લેઆમ ચાલતી આ લુંટફાટનો વિડીયો વાયરલ થયા બાદ હવે સૌની નજર ઉચ્ચ અધિકારીઓ અને એન્ટી કરપ્શન બ્યુરો પર મંડાયેલી છે. હવે જોવાનુ એ રહ્યુ કે તંત્ર આ આઉટસોર્સ કર્મચારી અને તેમાં સંડોવાયેલા અંદરના જવાબદાર અધિકારીઓ સામે કોઈ કડક પગલા લે છે કે પછી દર વખતની જેમ આ વખતે પણ ભીનુ સંકેલાઈ જશે ?

આ સમગ્ર કૌભાંડ માત્ર એક આઉટસોર્સ કર્મચારી પુરતુ સિમિત હોય તેવુ લાગતુ નથી, વિડીયોમાં આ કર્મચારી તેની સાથે એક કર્મચારીએ નોકરી કરતા અન્ય સહ કર્મચારીનો નામજોગ ઉલ્લેખ કરતો પણ સંભળાય છે. વધુમાં તે બીજા એક કર્મચારી સાથે ભાગીદારીમાં આ ગોરખધંધો ચાલતો હોવાનો ઈશારો કરે છે, સૌથી ચોંકાવનારી બાબત એ છે કે વાતચીત દરમિયાન આ કર્મચારી તેના કોઈ સાહેબનો ઉલ્લેખ કરે છે, જેનુ નામ ફીરોજ હોવાનુ જણાઈ રહ્યુ છે. તો આ ફીરોજ છે કોણ ? અને આ કૌભાંડના તાર કયાં સુધી જોડાયેલા છે ? આ સમગ્ર ઉઘરાણાકાંડમાં અન્ય કર્મચારીઓની પણ ભાગ બટાઈ હોવાનુ મનાય છે.

સ્ટેમ્પ ડયુટી રાજકોટ(ગ્રામ્ય) કચેરીના વાયરલ થયેલ વિડીયોમાં લાંચ માંગનાર કર્મચારી સેટલમેન્ટ થયા બાદ સ્પષ્ટ બોલે છે કે મેડમ આવ્યા બાદ તમારા ચલણમાં સહી થઈ જશે, આ મેડમ કોણ ? તે અંગે પણ ભારે ચર્ચા જાગી છે, ઉલ્લેખનીય છે કે આ કચેરીના ડેપ્યુટી કલેકટર ઈશિતા મેર ની હજુ ગત અઠવાડીએ જ બદલી થઈ છે.

શહેરની જુની કલેકટર કચેરીમાં ચાલતી તોડબાજી અને ગેરરીતીનો પર્દાફાશ કરતો એક વિડીયો સોશીયલ મીડીયામાં ભારે વાયરલ થયો હતો. સમગ્ર મામલે જિલ્લા કલેકટર ઓમ પ્રકાશ દ્વારા તાત્કાલીક કચેરીમાં કોન્ટ્રાકટ બેઝ પર ફરજ બજાવતા પટાવાળા હિરેન ચૌહાણને તાત્કાલીક અસર થી નોકરીમાંથી છુટો કરી દેવામાં આવ્યો છે. વધુ તપાસ ડેપ્યુટી કલેકટર હર્ષદીપ આચાર્યને સોંપવામાં આવી છે. વાયરલ વિડીયોમાં બરતરફ કરાયેલા કર્મચારી હિરેન ચૌહાણે પોતાના ઉપરી અધિકારી તરીકે કચેરી અધિક્ષક ફીરોજભાઈના નામનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો. જેના વિરૂધ્ધ પણ ખાતાકીય કાર્યવાહી માટે ગાંધીનગર ખાતે જાણ કરવામાં આવી છે. સ્ટેમ્પ ડયુટી કલેકટર (ગ્રામ્ય) ની આ કચેરીમાં ચાલતા ઉઘરાણામાં ઘેરા પડઘા પડે અને ઉચ્ચ અધિકારીને પણ છાંટા ઉડે તેવી શકયતા દર્શાવાય છે. ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદ વગર હંગામી પટાવાળો ખુલ્લેઆમ ઉઘરાણા કરવાની હિંમત દાખવી શકે કે કેમ ? તેઓ સવાલ પણ ઉભો થવા પામ્યો છે.

### અશોક ખરાત એક એવું પાત્ર જેણે શીખવ્યું

# ઉલ્લુ બનાવવાની આવડત જોઈએ, લોકો તો એના માટે તૈયાર જ છે

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત

શ્રધ્ધા અને અંધશ્રધ્ધાની વચ્ચે એક પાતળી ભેદ રેખા છે. અને એટલે જ શ્રધ્ધા રાખનારા અંધશ્રધ્ધાનો શિકાર બને છે. આમ તો કહેવાય છે કે શ્રધ્ધા ને પુરાવાની શું જરૂર છે? પરંતુ હવે કળિયુગમાં જો શ્રધ્ધાની વાત કરો તો શંકા ઉત્પન્ન કરી સામે આપણને પૂછે કે હોય? આવું બનતું હશે? એટલે એમ કહેવાય કે શ્રધ્ધા ને પુરાવાની જરૂર છે. અંધશ્રધ્ધાને નહીં? એનો તાજો દાખલો એટલે મહારાષ્ટ્રના નાસિકનો અશોક ખરાત. આમ પણ અંધશ્રધ્ધા એક એવી બીમારી છે જેનો ઈલાજ હાથવગો હોવા છતાં એ એક મહામારીનું રૂપ ધારણ કરીને બેઠી છે. વ્યક્તિને પોતાની ક્ષમતા કરતાં કોઈ ચમત્કાર પર વધુ ભરોસો હોય ત્યારે એ અંધશ્રધ્ધાના રસ્તે વળે છે. અને બરબાદીને નોંતરે છે. પવન વાય છે આપણને એની અનુભૂતિ થાય છે એ દેખાતો નથી છતાં આપણે માનીએ છીએ કે પવન છે એ કુદરતી ચમત્કાર છે. એને પુરાવાઓની જરૂર નથી.

આપણે જે નિહાળી શકતા નથી, ફક્ત અનુભવી શકીએ છીએ એવી કોઈ અલૌકિક શક્તિને આપણે કુદરત અથવા તો ચોક્કસ ધાર્મિક અથવા તો સાંપ્રદાયિક માન્યતા પ્રમાણે જુદા જુદા નામ આપ્યા છે. એના પર અંગત માન્યતા મુજબ કોઈ વ્યક્તિને વિશ્વાસ અથવા તો શ્રધ્ધા હોઈ શકે. શ્રધ્ધા એ એકદમ અંગત વિષય હોવાથી કોઈ બીજાને એ સામે વાંધો ન હોઈ શકે. સવાલ ત્યારે થાય જયારે એ બે વચ્ચે કોઈ કાળા માથાનો માણસ આવે અને પોતાને કુદરતનો અવતાર તરીકે ખપાવી એ ધ્વારા કોઈ ને કોઈ લાભ લે. એ વખતે વ્યક્તિની શ્રધ્ધા અને અંધશ્રધ્ધામાં ફેરવાઈ જાય.

અને એમાં અશોક ખરાત જેવા ભોંદુ બાબાને મરાઠી ભાષામાં આવા ધુતારાઓ માટે ભોંદુબાબા શબ્દ છે. મહારાષ્ટ્રના આ લેટેસ્ટ ભોંદુ બાબાનું નામ છાપે ચડયુ એમાં તો મહારાષ્ટ્રમાં ભૂકંપ આવી ગયો અને હવે જયારે બાબા જેલમાં છે અને એની SIT ધ્વારા તપાસમાં જયારે સત્ય બહાર આવશે ત્યારે ભલભલાના લગ્નજીવનમાં પણ ભૂકંપ આવે તો નવાઈ નહીં.

# દક્ષિણ ગુજરાત વાલ્મિકી સમાજ ના કૌટુંબિક ઝઘડાના નિરાકરણ માટે વાલ્મિકી સમાજ કલ્યાણ સમિતિની રચના

(છગન લાલ મેવાડા દ્વારા) સુરત

દક્ષિણ ગુજરાત ના વાલ્મિકી સમાજ ના આગેવાનોની એક મીટીંગ તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ સુરત ઓપેરા હાઉસ ખાતે શ્રી ડી.સી.સોલંકી સિનિયર એડવોકેટ અને ઉધોગપતિ ના પ્રમુખ સ્થાને સાંજના ૫:૦૦ કલાકે રાખવામાં આવી હતી. જેમાં વાલ્મિકી સમાજ ના પ્રશ્નો ની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. વાલ્મિકી સમાજ માં લગ્ન બાદ ઘરેલું ઝઘડાઓનું પ્રમાણ વધી રહેલ છે અને સામાન્ય બાબતોમાં કોર્ટનો આશરો લેવામાં આવે છે. અને વર્ષો સુધી ઝઘડાં ના નિરાકરણ થતાં નથી. એક તો સમાજ પ્રથમથી આર્થિક,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે તેમાં કોઈ કોર્ટ કચેરી થાય તો લાંબો સમય સુધી બંને પક્ષકારોએ યાતનાઓ ભોગવવી પડે છે અને ભારે આર્થિક નુકશાન પણ વેઠવું પડે છે. અને પતિ-પત્ની બંને ને લાંબો સમય માનસિક ત્રાસ વેઠવો પડે છે. કેટલાક કેસો વર્ષોથી ફેમિલી કોર્ટમાં પેન્ડિંગ છે. આવી પરિસ્થિતિ નું નિવારણ કરવા વાલ્મિકી સમાજ કલ્યાણ સમિતિ ની રચના કરવામાં આવેલ છે. આ સમિતિ ની પ્રથમ મીટીંગ ટૂંક સમયમાં નવસારી ખાતે મળશે જેમાં આહવા,વલસાડ અને નવસારી ના પક્ષકારોને બોલાવી સમાધાન ના પ્રયાસો કરવામાં આવશે. આ સમિતિના હોદેદારો ની નીચે મુજબ વરણી કરવામાં આવેલ છે.

પ્રમુખશ્રી ડી.સી.સોલંકી એડવોકેટ

ઉપપ્રમુખશ્રી બીપીનભાઈ રાઠોડ એડવોકેટ

ઉપપ્રમુખશ્રી ભાઈલાલ બી. વૈષ્ણવ સામાજિક કાર્યકર

મહામંત્રીશ્રી મયંકભાઈ જે. સોલંકી એડવોકેટ

મંત્રીશ્રી કાંતિલાલ બી. સોલંકી સામાજિક કાર્યકર

અને કમિટી સભ્યો શ્રી મહેન્દ્રભાઈ સોલંકી એડવોકેટ,શ્રી અશ્વિનભાઈ વૈષ્ણવ એડવોકેટ,શ્રી જીતુકુમાર શાહ એડવોકેટ,શ્રી શશીકાંત સોલંકી,શ્રી કનુલાલ સોલંકી,શ્રી રવિભાઈ સુરતી,શ્રી શ્યામભાઈ ટેનિયા વિગેરેની પસંદગી કરવામાં આવેલી છે.

# સાડા છ કરોડ ગુજરાતીઓનુ અપમાન કરનાર મલ્લિકાર્જુન ખડગે માફી માંગે: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

### ગુજરાતમાં હાર ભાળી ગયેલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બોખલાઈ ગયા છે : હર્ષ સંઘવી

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે એ ગુજરાત અને ગુજરાતીઓ વિશે કરેલા અપમાનજનક નિવેદનની સાડા છ કરોડ ગુજરાતીઓ વતી કડક શબ્દોમાં આલોચના કરી છે.

મુખ્યમંત્રીએ મલ્લિકાર્જૂન ખડગે ના નિવેદનને અત્યંત આપત્તિજનક અને દુર્ભાગ્યપૂર્ણ ગણાવતા જણાવ્યુ હતુ કે આ નિવેદન પુજય મહાત્મા ગાંધી અને સરદાર પટેલનુ અપમાન છે, આવા નિવેદનથી ગુજરાતની ગરીમાને ઠેસ પહોંચી છે.



મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યુ હતુ કે ગુજરાત અને ગુજરાતીઓ વિરૂધ્ધ ની કોંગ્રેસની આ માનસિકતા આજકાલની નહી પણ વરસો જૂની છે. કોંગ્રેસના નેતાનુ આવુ શરમજનક નિવેદન સ્પષ્ટ કરે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપાની વિકાસની રાજનીતીને મળી રહેલા વ્યાપક જનસમર્થનથી કોંગ્રેસ પોતાને અસુરક્ષિત મહેસુસ કરી રહી છે. મુખ્યમંત્રીએ કોંગ્રેસના ગુજરાત વિરોધી વલણની વિગતો આપતા કહ્યુ હતુ કે દેશની એકતા અને અખંડીતતા ના શિલ્પી સરદાર સાહેબને ભારતરત્ન ન આપીને તેમની પણ કોંગ્રેસે ઉપેક્ષા કરી હતી. એટલુ જ નહી વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં સરદાર સાહેબની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનુ નિર્માણ થઈ રહ્યુ હતુ તેમાં પણ કોંગ્રેસે અડચણો ઉભી કરવાના પ્રયાસો કર્યા હતા.

સરદાર સરોવર ડેમના કામમાં રોડા નાંખવાનુ કામ પણ કેન્દ્રની કોંગ્રેસની સરકારોએ કરીને વરસો સુધી નર્મદાના નીર ગુજરાતને મળતા અટકાવ્યા હતા, આવા તો અનેક અન્યાયો કોંગ્રેસે વરસો સુધી ગુજરાત અને ગુજરાતીઓ સાથે કર્યા હતા તેવુ તેમણે કહ્યુ હતુ. ભુતકાળમાં કોંગ્રેસ તરફથી ગુજરાતને થયેલા અન્યાયની વિસ્તૃત વિગતો આપતા મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે તે સમયની કોંગ્રેસની કેન્દ્ર સરકારે રાસાયણીક ખાતરની અપાતી સબસીડીમાં કાપ મુકીને ખેડુતોને કરોડોનુ આર્થિક નુકશાન કર્યુ અને રાસાયણીક ખાતરની ફાળવણીમાં પણ અન્યાયનો સીલસીલો ચાલુ રાખ્યો હતો, ખેડુતોને જયારે મબલખ કમાણીની આશા હતી ત્યારે રાતોરાત કેન્દ્ર સરકારે કપાસની નિકાસબંધી ફરમાવી હતી અને ગુજરાતના ખેડુતોને મોટુ નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો. વધુમાં તેમણે ક્હ્યુ હતુ કે વાઈબ્રન્ટ સમિટ મારફતે ગુજરાતમાં રોકાણ માટે આવતા ઉદ્યોગોને પણ ઈન્કમટેક્ષની નોટીસો ફટકારીને ગુજરાતમાં રોકાણ ન આવે તેવા પેંતરા કોંગ્રેસ કરતી હતી, આ ઉપરાંત કેન્દ્રીય નીતિ નિયમોના કારણે ગુજરાતને કોલસો દુરના રાજયોમાંથી મોંઘા ભાવે ખરીદવો પડતો હતો. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે ગુજરાતે મહાત્મા ગાંધી અને સરદાર સાહેબ જેવા મહાપુરુષો, કનૈયાલાલ મુન્શી જેવા પ્રખર કાયદાવીદ, ઝવેરચંદ મેઘાણી અને નર્મદ જેવા સાહિત્યકારો , ડો.વિક્રમ સારાભાઈ જેવા મોટા ગજાના વૈજ્ઞાનિક, ત્રિભુવનદાસ અમીન જેવા સહકારી અગ્રણી, ડો. એચ એમ પટેલ જેવા અર્થશાસ્ત્રી અને પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈ જેવા વિરલ વ્યક્તિઓ દેશને આપ્યા છે.

મુખ્યમંત્રીએ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગે ને પડકારતા કહ્યુ કે ગુજરાતીઓને તેઓ કઈ રીતે અભણ અને મુર્ખ કહી શકે ? જો ગુજરાત અભણ હોત તો આટલો વિકાસ થઈ શકયો હોત ખરો ? તેવો વેધક સવાલ પણ તેમણે કોંગ્રેસ પ્રમુખને કર્યો છે.

# અરવલ્લી જિલ્લાના સાઠંબાના ગ્રામજનોએ કર્યો ચુંટણીનો બહિષ્કાર : પુલ નહી તો વોટ નહી ની કરી માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો માહોલ ઉભો થવા પામ્યો છે. ત્યારે મતદારો પણ આ સમયે પોતાની માંગણીઓ માટે તંત્રને જાગૃત કરવા કાર્યક્રમો આપતા હોય છે. ત્યારે અરવલ્લી જિલ્લાના સાઠંબા તાલુકાના બાદરપુરાના રહીશોએ પુલ ની માંગ સાથે ચુંટણી બહિષ્કારનુ એલાન આપ્યુ છે. બાદરપુરા સહિત આગળના અન્ય ૧૦ થી ૧૫ ગામડાઓના લોકોની અવર જવર બાદરપુરા ગામે આવેલા આ પુલ પરથી થાય છે. આ પંથકના દરેક ગામડાના લોકોને



પોતાના કામકાજ અર્થે ગાબટ જવુ પડે છે, વિદ્યાર્થીઓને શાળા કોલેજ જવાનુ હોય, ખેડુતોને ખેતી કામ હોય, બિમાર દર્દીઓ હોય , ઘરના કામકાજ હોય તમામ કામો માટે રોજેરોજ ગાબટ જવુ પડે છે. ત્યારે ચોમાસા સમયે આ વાંઘુ ભરાઈ જાય છે. ચોમાસામાં ૧૦ કરતા વધુ ગામડાના લોકો સમ્પર્ક વિહોણા બને છે.

સ્થાનિક અગ્રણીઓએ અનેક વખત તંત્રમાં રજુઆત કરી છે. પણ તંત્ર ગ્રામજનોની વાત ધ્યાને લેતુ નથી, ત્યારે હાલ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ છે ત્યારે ગ્રામજનોએ બાદરપુર ગામે આવેલ વાંધામાં ઉભા રહી ભારે સુત્રોચ્ચાર કરી પુલની માંગ કરી હતી અને જો પુલની માંગ સ્વીકારવામાં નહી આવે તો ગ્રામજનોએ ચુંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે.

### અમદાવાદની ૧૩૩ શાળાઓને જિલ્લા શિક્ષણ અધિકારીએ ફટકારી નોટીસો

# અમદાવાદની ૧૦૦ થી વધુ શાળાઓ કરોડો રૂપીયાની ગ્રાન્ટો ચાઉ કરી ગઈ: ગ્રાન્ટેડ શાળાઓને આપેલા કરોડો રૂપીયાના હિસાબો જ મળતા નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

સામાન્ય રીતે ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટની રકમના લેખાં નિકળતા હોય છે, પણ અમદાવાદમાં કંઈક અલગ જ ચિત્ર જોવા મળી રહ્યુ છે. અમદાવાદની ગ્રાન્ટેડ શાળાઓનુ ઓડીટ કરવામાં આવ્યુ અને એ ઓડીટ બાદ ગ્રાન્ટની રકમ પરત ન કરી હોય તે શાળાઓ સામે અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીએ કાર્યવાહી શરૂ કરી છે. અમદાવાદની આવી ૧૩૩ શાળાઓને નોટીસો ફટકારવામાં આવી છે.

અમદાવાદની શાળાઓને સરકાર દ્વારા આપવામાં આવતી ગ્રાન્ટ પરત કરવાની થતી રકમ મામલે કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીએ આવી ૧૩૩ ગ્રાન્ટેડ શાળાઓનુ લીસ્ટ તૈયાર કર્યુ છે. એક સાથે અમદાવાદની ૧૩૩ શાળાઓને જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા નોટીસ ફટકારાઈ છે. અમદાવાદની ગ્રાન્ટેડ ૧૩૩ શાળાઓને પૈસા રીકવરીની નોટીસો ફટકારવામાં આવી છે. સરકારમાંથી આપવામાં આવતી ગ્રાન્ટનુ ઓડીટ થયુ છે અને ઓડીટ બાદ ગ્રાન્ટની રકમ પરત ન કરી હોય તે શાળાઓને નોટીસો આપવામાં




આવી છે. આ મામલે છેલ્લા ઘણા વરસોથી શાળાઓને સુચનાઓ આપવામાં આવી હતી. તેમ છતાં જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીમાં રકમ ચુકવી નથી. આવી અમદાવાદની ૧૩૩ શાળાઓની ૨ કરોડ ૯૧ લાખ રૂપીયાની રકમ ચુકવવાની બાકી છે.

આ હિસાબમાં સૌથી વધુ રકમ મણીનગરની જય સોમનાથ શાળાની ૬૨ લાખ ૫૫ હજાર રૂપીયા બાકી હોવાનુ બહાર આવ્યુ છે. તો આશ્રમ રોડ ની શ્રી વિદ્યાનગર હાઈસ્કુલના ૨૯ લાખ ૭૯ હજાર રૂપીયા ચુકવવાના બાકી છે. આ લીસ્ટમાં પાંચ શાળાઓ એવી છે જેને ૧૨ લાખથી વધુની રકમ સરકારમાં ચુકવવાની બાકી છે. હાલ શાળાઓને પોતાનો ખુલાસો રજુ કરવા આખરી નોટીસ અપાઈ છે. જે શાળા નોટીસ બાદ પણ રકમ નહી ચુકવે તેની પ્રોપર્ટી ટાંચ જપ્ત કરાશે, અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી કલેકટરને આવી શાળાઓનુ લીસ્ટ આપશે, જે શાળાઓએ રકમ જમા કરાવી છે તેને પુરાવા રજુ કરવા સુચનો આપ્યા છે. મહત્વનુ છે કે અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા શાળાઓને તાત્કાલીક અસરથી ખુલાસો કરવા સુચનાઓ આપવામાં આવી છે. ખુલાસો કરવા રૂબરૂ કચેરીએ હાજર થવા ફરમાન કરાયુ છે.

# ડભોઈ કોંગ્રેસમાં મોટુ ગાબડુ: સિધ્ધાર્થ પટેલના ૪૦ વરસ જુના અને વફાદાર સાથીએ કેસરીયો ધારણ કર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના રાજકારણમાં આજે એક મોટો વિસ્ફોટ થયો છે. પૂર્વ ધારાસભ્ય અને કોંગ્રેસના દિગ્ગજ નેતા સિધ્ધાર્થ પટેલના અત્યંત વિશ્વાસુ અને ૪૦ વરસ જુના વફાદાર સાથી પ્રહલાદ મંગળ પટેલે વિધિવત રીતે ભાજપનો ખેસ ધારણ કરી લીધો છે. સિધ્ધાર્થ પટેલના પડછાયા સમાન ગણાતા નેતાઓ એક પછી એક સાથ છોડી રહ્યા હોવાથી કોંગ્રેસમાં ભારે સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

જિલ્લા ભાજપ પ્રમુખ ડો. બી જે બ્રહ્મભટ્ટ અને ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાની હાજરીમાં પ્રહલાદ પટેલે પોતાના સમર્થકો સાથે ભાજપમાં પ્રવેશ કરતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે. ડભોઈ તાલુકા પંચાયતમાં કોંગ્રેસના એક માત્ર મજબુત સભ્ય તરીકે પકકડ ધરાવતા પ્રહલાદ પટેલનુ જવુ એ કોંગ્રેસ માટે વ્રજઘાત સમાન માનવામાં આવે છે, નોંધનીય છે કે થોડા સમય પહેલા જ સિધ્ધાર્થ પટેલના અન્ય એક વફાદાર ભુપેન્દ્ર પટેલે પણ કોંગ્રેસને અલવિદા કહી ભાજપનો સાથ પકડયો હતો. હવે પ્રહલાદ પટેલના પક્ષ પલટાથી ડભોઈમાં કોંગ્રેસનુ માળખુ વેરવિખેર થઈ ગયુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

ધારાસભ્ય શૈલેષ મહેતાએ આ પ્રસંગે જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિકાસની રાજનીતીથી પ્રેરાઈને લોકો ભાજપમાં જોડાઈ રહ્યા છે. જે આગામી સમયમાં સંગઠનને વધુ મજબુત બનાવશે.

રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યુ છે કે આ મોટા પક્ષપલ્ટા પાછળ મુખ્ય કારણ સિધ્ધાર્થ પટેલના પુત્ર વિશ્વેશ પટેલની ડભોઈ વિધાનસભા વિસ્તારમાં વધતી જતી સક્રિયતા છે. વરસોથી પક્ષ માટે લોહી પરસેવો એક કરનારા જુના અને વરીષ્ઠ કાર્યકરોમાં એવી લાગણી જન્મી છે કે નવા નેતૃત્વ હેઠળ તેમને યોગ્ય માન સન્માન મળતુ નથી, નવા નિશાળીયાઓ ના વર્ચસ્વ સામે જુના જોગીઓએ હવે અમને અહી નહી ફાવે તેવી સ્પષ્ટ નીતિ અપનાવીને ભાજપનો માર્ગ પકડયો છે. જે સીધી રીતે વંશવાદ સામેનો વિરોધ દર્શાવે છે.

# વડોદરામાં પુત્રવધુને કોંગ્રેસની ટીકીટ મળતા ખુશીના અતિરેકમાં સસરાનુ હ્રદય રોગના હુમલાથી મોત : જીત પૂર્વે જ પરીવારમાં માતમ છવાયો : હવે ઉમેદવાર ચુંટણી નહી લડે

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ગરમાવા વચ્ચે એક અત્યંત કરૂણ અને ચોંકાવનારી ઘટના બનવા પામી છે. વોર્ડ નં. ૮ માં કોંગ્રેસના ઉમેદવાર તરીકે જાહેર થયેલ મહિલાના સસરાનુ, ટીકીટ મળવાની ખુશીમાં હ્રદય રોગના હુમલાથી નિધન થતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આ ઘટનાને પગલે હરખનો પ્રસંગ શોક માં ફેરવાઈ ગયો હતો. મળતી માહિતી મુજબ



વડોદરાના વોર્ડ નં. ૮ માં કોંગ્રેસે ઉર્મિલાબેન પરમાર ને પોતાના સત્તાવાર ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા. ઉર્મિલાબેનના સસરા વરસોથી કોંગ્રેસના કટ્ટર સમર્થક હતા અને તેમની પ્રબળ ઈચ્છા હતી કે તેમના પરીવારમાંથી કોઈને પક્ષ તરફથી ટીકીટ મળે, જેવી ઉર્મિલાબેનના નામની જાહેરાત થઈ, પરીવારમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો, જો કે આ ખુશી સસરા સહન કરી શકયા નહી અને તેમને હ્રદયરોગ નો હુમલો આવતા તેમનુ કરૂણ મોત નિપજયુ હતુ. પરીવારમાં આવેલા આ અણધાર્યા આઘાત અને સામાજિક રીત રીવાજોને કારણે હવે ઉર્મિલાબેન પરમાર ચુંટણી પ્રચાર કરી શકશે નહી. શોકગ્રસ્ત પરીવાર અને ધાર્મિક પરંપરાઓને માન આપીને ઉર્મિલાબેને પોતે ચુંટણી નહી લડવાનો નિર્ણય લીધો હતો.

આ કપરી પરિસ્થિતિમાં કોંગ્રેસ પક્ષ દ્વારા હવે નવો નિર્ણય લેવામાં આવે તેવી શકયતા છે. સુત્રોના કહેવા પ્રમાણે ઉર્મિલાબેનના બદલે તેમના પરીવારનાજ અન્ય સભ્ય ને પક્ષ ટીકીટ આપી શકે છે. જેથી તેમના સસરાની રાજકીય ઈચ્છાને જીવંત રાખી શકાય, હાલ તો આ ઘટના વડોદરાના રાજકીય આલમમાં ટોક ઓફ ધ ટાઉન બની છે.